RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 264* Date: 21.07.2020 * Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વિશ્વસ્તરે ભારતમાં સૌથી ઓછો ૨.૪૯ ટકા મૃત્યુદર,રિક્વરી રેટ ૬૨.૮૬ ટકા થયો

# દેશમાં 'કોરોના ઘાત': ૨૪ કલાકમાં અધધ...૪૦ હજાર પોઝિટિવ કેસ

**દેશમાં સંક્રમિતોની સંખ્યા ૧૧.૧૮ લાખને પાર, વધુ ૬૮૧ના મોત સાથે મૃત્યુઆંક ૨૭,૫૦૩એ પહોંચ્યો, ૩.૭૩ લાખ કેસ એક્ટિવ, ૬.૭૭ લાખ દર્દીઓ સ્વસ્થ થયા**

*ન્યુ દિલ્હી,તા.૨૦*

અનલોક-૨માં કોરોના વાઈરસનું દેશમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયું હોવાના ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના દાવા વચ્ચે ગઈકાલે રવિવારે અનલોકના ૧૯મા દિવસે અધધ..૪૦ હજાર કરતાં વધારે નવા કેસો સામે આવ્યાં હતા. તે સાથે જ વધુ ૬૭૫ લોકોના કોરોનાથી મોત થયા હતા. છેલ્લાં ૨૪ કલાકમાં સૌથી વધુ ૯૫૧૮ દર્દી મહારાષ્ટ્રમાં નોંધાયા હતા. જો કે કેસો વધતાં ફરીથી દેશવ્યાપી લોકડાઉનની શક્યતા નહીવત છે કેમ કે કેન્દ્ર દ્વારા એવો ખુલાસો કરાયો છે કે ફરીથી દેશવ્યાપી લોકડાઉન નહીં આવે. પરંતુ કેટલાક રાજ્યોમાં કેસો વધતાં લોકડાઉનની શક્યતા નકારી શકાતી નથી. બિહારમાં લોકડાઉન ચાલી રહ્યું છે. ગોવામાં આંશિક લોકડાઉન છે. આ સાથે દેશમાં કોરોના સંક્રમિતોનો આંકડો રવિવારે ૧૧ લાખને પાર કરી ગયો હતો. માત્ર ત્રણ દિવસમાં એક લાખ કેસ નોંધાયા હોય તેવું ત્રીજી વખત બન્યું છે. અમેરિકા બાદ ભારતમાં જ રોજેરોજ સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. ભારતમાં દર બે દિવસે ૭૦ હજાર કેસ નોંધાયા છે. દેશમાં અત્યારસુધી એક કરોડ ૩૪ લાખ લોકોનું ટેસ્ટિંગ થઇ ચૂક્યું છે. તેમાંથી ૮.૦૨ ટકા લોકો સંક્રમિત છે.

સત્તાવાળાઓએ આજે સામવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના કેસોની આંકડાકિય માહિતી જાહેર કરવામાં આવી ત્યારે જોવા મળ્યું કે દેશમાં કોરોનાસંક્રમણના ફેલાવાની ઝડપ વધી રહી છે. રવિવારે ૪૦,૫૩૭ દર્દીઓ મળ્યા હતા. આ પહેલીવાર છે કે જ્યારે ૨૪ કલાકમાં ૪૦ હજારથી વધુ દર્દી મળ્યાં હતાં. તે સાથે કુલ ચેપગ્રસ્તોની સંખ્યા હવે ૧૧,૧૪,૩૫૦ થઇ ગઇ છે. કેટલાક રાજ્યોએ રવિવારથી જુલાઈ મહિનાના અંત સુધી લૉકડાઉનની જાહેરાત કરી છે. ગત ૫ દિવસમાં ૧.૮૫ લાખ નવા દર્દી મળ્યા હતા. છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૬૭૫ લોકોના મોત સાથે અત્યાર સુધી કુલ ૨૭,૫૦૩ લોકો કોરોનાને લીધે મૃત્યુ પામી ચૂક્યા છે. અલબત્ત, દેશમાં રવિવારે મૃત્યુદર ૨.૪૬% રહ્યો હતો.

આંકડાકિય માહિતી પ્રમાણે, દેશમાં ૨૪ કલાકમાં સૌથી વધુ ૯૫૧૮ દર્દી મહારાષ્ટ્રમાં મળ્યા હતા. ત્યાં અત્યાર સુધી ૩,૧૦,૪૫૫ લોકો સંક્રમિત થઇ ચૂક્યા છે. ઉપરાંત મૃત્યુનો આંકડો પણ ૧૧,૮૫૪ સુધી પહોંચી ગયો છે. આંધ્રમાં પહેલીવાર ૫૦૪૧ દર્દી મળ્યા હતા. તેને ઉમેરતાં રાજ્યમાં દર્દી ૫૦ હજાર નજીક પહોંચી ગયા છે. તમિલનાડુમાં પણ ૪૯૭૯ નવા દર્દી મળી આવ્યા હતા, જેનાથી કુલ આંકડો ૧.૭ લાખને વટાવી ગયો છે. રવિવારે ૨૨,૭૬૩ દર્દી સાજા થયા હતા. જેથી કુલ સાજા થયેલા દર્દીઓનો આંકડો ૬,૯૫,૬૬૧ થઈ ગયો હતો. એટલે કે ૬૨.૪૨% લોકો સાજા થઈ ચૂક્યા છે.

સૂત્રોએ કહ્યું કે, દેશમાં કોરોના સંક્રમિતોનો આંકડો રવિવારે ૧૧ લાખને પાર કરી ગયો હતો. માત્ર ત્રણ દિવસમાં એક લાખ કેસ નોંધાયા હોય તેવું ત્રીજી વખત બન્યું છે. દર ૧૦ લાખની વસ્તીએ ૭૮૭ લોકોના રિપોર્ટ પોઝિટિવ આવે છે. વસ્તીની દ્રષ્ટિએ ભારતમાં સંક્રમણનું સ્તર ઓછું છે. અહીં દર દસ લાખની વસ્તીએ ટેસ્ટિંગનો રેટ પણ બહુ ઓછો છે. સૌથી વધુ સંક્રમિત ૧૦ દેશોમાં થનારી ટેસ્ટિંગની સરખામણી ભારત સાથે કરવામા આવે તો મેક્સિકો પછી ભારત બીજો દેશ છે જ્યાં સૌથી ઓછા લોકોના ટેસ્ટ થાય છે.





દરમ્યાનમાં આઈઆઈટી ભુવનેશ્વર અને એઈમ્સના સંશોધકોએ શોધી કાઢ્યું છે કે ચોમાસા અને શિયાળામાં સંક્રમણની ઝડપ વધી શકે છે. એક ડિગ્રી તાપમાન ઘટે તો સંક્રમણ ૦.૯૯ ટકા વધે છે. વરસાદ-શિયાળામાં વાતાવરણ ઠંડું થવાથી કોરોના માટે અનુકૂળ વાતાવરણ સર્જાય છે..ભારતમાં કુલ સંક્રમિતોમાં ૨૭.૩૫ ટકા લોકો મહારાષ્ટ્રના છે. મોતના આંકડા જોઈએ તો અત્યારસુધી થયેલી કુલ મોતમાં ૪૪.૮૫ ટકા લોકો આ જ રાજ્યના છે. દેશનું બીજુ સૌથી સંક્રમિત રાજ્ય તમિલનાડુ છે. ૧૧ લાખ સંક્રમિતોમાં ૧૫.૮૨ ટકા લોકો આ રાજ્યના છે. દેશી રાજધાની દિલ્હીના ૧૩.૩૮ ટકા સંક્રમિત છે.

### વિકાસ દુબેનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ

## એન્કાઉન્ટરમાં ૩ ગોળીઓ શરીરની આરપાર નીકળી ગઈ, ઈજાના ૧૦ નિશાન મળ્યા





લખનઉ,તા.૨૦

વિકાસ દુબેનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવી ગયો છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ પરથી મોટો ખુલાસો થયો છે. વિકાસના શરીરમાંથી ત્રણ ગોળીઓ આરપાર નીકળી ગઇ હતી. શરીરમાં કુલ દસ ઈજાઓ જોવા મળી હતી. છ ઈજાઓ ગોળીઓની જ્યારે બીજી ચાર ઈજા શરીરના જમણા ભાગમાં છે. આ ઈજા ગોળીઓ લાગ્યા બાદ પડી જવાથી થઇ હતી.

પોસ્ટમોર્ટમ રિપોર્ટના મતે એક ગોળી જમણી બાજુના ખભા અને બાકીની ગોળીઓ ડાબી બાજુએ છાતી પર લાગી હતી. આ સિવાય જમણા ભાગમાં માથા, કોણી, પાંસળી, અને પેટમાં ઈજા થઈ હતી. ફોરેન્સિક એક્સપર્ટના મતે પહેલી ગોળી વિકાસના ખભા પર લાગી હતી. બીજી બે ગોળીઓ છાતી પર લાગી હતી. તેના માથા પર નજીવો સોજો અને ઈજા પણ હતી. કોણી ફાટી ગઇ હતી. વિકાસ દુબેના પેટ અને પાંસળીમાં પણ થોડીક વધુ ઈજા અને સોજો આવ્યો હતો.એસટીએફ એ એક્રાઉન્ટરમાં દાવો કર્યો હતો કે વિકાસે તેમના પર ગોળી ચલાવી ત્યારે તેમણે જવાબી કાર્યવાહી કરી. જો કે શરૂઆતમાં સમાચાર આવ્યા હતા કે તેને ચાર ગોળી લાગી. જેમાં ત્રણ ગોળી તેની છાતીમાં લાગી પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં બે ગોળી છાતીમાં લાગ્યાની વાત સામે આવી છે.

પોસ્ટમોર્ટમ રિપોર્ટના ડાયગ્રામમાં તમે જોઇ શકો છો કે ચાર, બે અને ત્રણ સ્પૉટ પર વિકાસ દુબેને ગોળીઓ લાગી જે પાંચ, છ, સાત સ્પૉટથી આરપાર થઇ ગઇ. ગોળી લાગવાના લીધે વિકાસ દુબેના એક, આઠ, નવ અને દસ સ્પૉટ પર ઈજા પહોંચી છે. એટલે કે વિકાસના શરીર પરથી ત્રણ ગોળીઓ આરપાર થઇ હતી. શરીરમાં કુલ ૧૦ ઈજા મળી છે.

### દુબઈ-અમેરિકા જેવા દેશોમાં ગ્રાહકો સાથે છેતરપીંડીનો આરોપ

## પીએનબી કૌભાંડ: ઈડીએ ભાગેડુ ચોક્સી વિરુદ્ધ નવી ચાર્જશીટ દાખલ કરી



**ચોક્સીએ લેબમાં બનેલા હીરા અને અન્ય સંપત્તિઓ વેચીને ભારત, દુબઈ અને અમેરિકા સહિત ટોચની નાણાંકીય સંસ્થાઓમાં પોતાના ગ્રાહકો અને નાણાં ધીરનારાઓને દગો આપ્યો**

ન્યુ દિલ્હી,તા.૨૦

ઈડીએ ભાગેડુ ઉદ્યોગપતિ મેહુલ ચોક્સી વિરૂદ્ધ નવી ચાર્જશીટ દાખલ કરી છે. તેમાં ખૂબ જ વિસ્તારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે, કઈ રીતે મેહુલ ચોક્સીએ લેબમાં બનેલા હીરા અને અન્ય સંપત્તિઓ વેચીને ભારત, દુબઈ અને અમેરિકા સહિત ટોચની નાણાંકીય સંસ્થાઓમાં પોતાના ગ્રાહકો અને નાણાં ધીરનારાઓને દગો આપવા એક સંગઠિત રેકેટ ચલાવ્યું. આ ચાર્જશીટનો ઉદ્દેશ્ય માર્ચ ૨૦૧૯માં ભ્રષ્ટાચાર વિરૂદ્ધ સંયુક્ત રાષ્ટ્રના કન્વેન્શન અંતર્ગત ચોક્સીને એન્ટીગુઆ અને બારબુડાથી ભારત મોકલવા જે પ્રત્યાર્પણ વિનંતી કરવામાં આવી તેને પ્રોત્સાહન આપવાનો છે. એક અધિકારીએ નામ જાહેર ન કરવાની શરતે કેટલાક દિવસો પહેલા જ ચાર્જશીટ નોંધાઈ ગઈ હોવાની માહિતી આપી હતી.

એક અહેવાલ પ્રમાણે મેહુલ ચોક્સી પોતાના ભાણા નીરવ મોદી સાથે ૧૩,૫૦૦ કરોડ રૂપિયાના પંજાબ નેશનલ બેંક કૌભાંડનો મુખ્ય આરોપી છે. તેણે એન્ટીગુઆ અને બારબુડા સરકાર દ્વારા નાગરિકતા માટે ચલાવાતા એક કાર્યક્રમ અંતર્ગત ત્યાંની નાગરિકતા મેળવી લીધી છે જેમાં નાગરિકતા મેળવવા માટે દેશમાં નિશ્ચિત માત્રામાં રોકાણ કરવાનું હોય છે.

તપાસકર્તાઓના કહેવા પ્રમાણે ચોક્સી ધરપકડથી બચવા ભારત છોડીને ભાગી ગયેલો પરંતુ ચોક્સીનો દાવો અલગ જ છે. ચોક્સીના કહેવા પ્રમાણે તે જાન્યુઆરી ૨૦૧૮માં બાયપાસ સર્જરી માટે દેશ છોડીને ગયો હતો, ધરપકડથી બચવા માટે નહીં. ઈડીએ અગાઉ પીએનબી કૌભાંડ મામલે ચોક્સી અને અન્યની ભૂમિકા રેખાંકિત કરવા ૨૦૧૮માં એક ચાર્જશીટ દાખલ કરી હતી.

અમેરિકા, યુએઈ, હોંગકોંગ અને ભારતમાં આવેલી કંપનીઓના અનેક ટોચના અધિકારીઓના નિવેદનના આધારે નવી ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. આ નવી ચાર્જશીટમાં કહેવામાં આવ્યું છે કે, 'ચોક્સીની હોંગકોંગ ખાતે આવેલી 'એમ/એસ શાન્યો ગોંગ સી લિમિટેડ', અમેરિકા ખાતે આવેલી 'એમ/એસ વોયજર બ્રાન્ડ્સ' અને 'એમ/એસ સેમ્યુઅલ જવેલર્સ ઈંક'ની મદદથી લેબમાં તૈયાર કરવામાં આવેલા હીરાઓને અસલી હીરા ગણાવીને વેચવામાં આવ્યા.'.ચાર્જશીટમાં જણાવવામાં આવ્યું છે કે હીરા બનાવતી કંપનીનું સંચાલન સુરતમાં થતું હતું અને ત્યાં મોટા પાયે ઉત્પાદન કરવામાં આવતું હતું. ચોક્સી પોતે જ તે કંપનીનું સંચાલન કરતો હતો અને કંપનીની લેવડ-દેવડ પર ધ્યાન રાખતો હતો. અહેવાલ પ્રમાણે સાચા હીરાની સરખામણીએ આ હીરા પણ આકાર, ગુણવત્તા અને રંગમાં સમાન દેખાય છે.

## ઉત્તરાખંડના પિથોરાગઢમાં વાદળ ફાટતાં મચ્યો કહેર, ૩ના મોત, ૯ ગાયબ

પિથોરાગઢ,તા.૨૦

ઉત્તરાખંડના પિથોરાગઢમાં વાદળ ફાટવાના કારણે અનેક ઘર ધરાશાયી થઈ ગયા છે. પહાડ પરથી કાટમાળ વગેરે નીચે ધસી આવતા અનેક ઘર દટાઈ ગયા હતા અને સાથે જ પાણીના વહેણ સાથે અનેક લોકો તણાઈ ગયા હોવાના સમાચાર છે. જાણવા મળ્યા મુજબ આ હોનારતે ત્રણ લોકોનો ભોગ લીધો છે અને ૯ લોકો લાપતા થયા છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી પ્રમાણે આગામી બે દિવસ સુધી ભારે વરસાદના કારણે લોકોની પરેશાની વધી શકે તેમ છે.

રવિવારે રાતના સમયે થયેલા ભારે વરસાદ બાદ મુનસ્યારીના ટાગા ગામ અને બંગાપાનીના ગેલા ગામમાં વાદળ ફાટવાના કારણે તબાહી વ્યાપી હતી. જોતજોતામાં અનેક ઘરો જમીનદોસ્ત થઈ ગયા હતા અને ગેલા ગામમાં ઘરના કાટમાળ નીચે દબાતા ત્રણ લોકોના મોત થયા હતા જ્યારે અન્ય ત્રણને ઈજાઓ પહોંચી હતી.

તે સિવાય ટાગા ગામમાં ૯ લોકો લાપતા છે અને એક વ્યક્તિને ઈજાઓ પહોંચી છે. વાદળ ફાટ્યા બાદ રસ્તો ધોવાઈ જવાના કારણે આ ગામના લોકોનો બહાર સાથેનો સંપર્ક કપાઈ ગયો છે અને તેઓ ફસાઈ ગયા છે.

ઉત્તરાખંડમાં ભારે વરસાદના કારણે નદીઓ વેગીલી બની છે અને સૌથી વધુ નુકસાન મુનસ્યારી ખાતે થયું છે જ્યાં એક પુલ પાણીમાં સમાઈ ગયો હતો. મુનસ્યારીમાં ચીનની સરહદ સુધી લઈ જતા મેલમ માર્ગને પણ ઘણું નુકસાન પહોંચ્યું છે. થોડા સમય પહેલા જ આ રસ્તાનું સમારકામ કરવામાં આવ્યું હતું અને હાલ તેના પર અનેક સ્થળે તિરાડો પડી ગઈ છે. મેલમ રોડ તૂટી જવાના કારણે ગામલોકોની સાથે સાથે સેનાને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ તરફ ઉત્તરાખંડ સિવાય હિમાચલમાં પણ ભારે વરસાદને લઈ એલર્ટ જાહેર કરવામાં આવેલું છે.

## કલમ ૩૭૦ દૂર કરવાના ઐતિહાસિક દિવસે જ ઐતિહાસિંક રામમંદિરનું ભૂમિપૂજન થશે

*ન્યુ દિલ્હી,તા.૨૦*

ગયા વર્ષે ૫ ઓગસ્ટના દિવસે મોદી સરકારે જમ્મુ-કાશ્મિરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ દૂર કરવાનો ઐતિહાસિક નિર્ણય લઈને કાશ્મિર પ્રત્યેની પ્રતિબધ્ધતા દર્શાવી તેમ હવે આ જ તારીખે એટલે આગામી ૫ ઓગસ્ટના દિવસે અયોધ્યામાં ઐતિહાસિક અને ભવ્ય રામમંદિરનું ભૂમિપૂજન કરીને મંદિર નિર્માણ માટેનું કામ શરૂ કરાવશે. ભાજપ અને સમસ્ત હિન્દુ સમાજ માટેના આ અનેરા ધાર્મિક આ પ્રસંગે ૨૦૦ જેટલા આગેવાનો અયોધ્યામાં હાજરી આપે તેમ જાણવા મળે છે.

સૂત્રોએ કહ્યું કે મંદિર નિર્માણ ટ્રસ્ટે ૩ અને ૫ એમ બે તારીખો પીએમઓને મોકલી હતી. તેમાંથી ૫ ઓગસ્ટ પસંદ કરવામાં આવી છે. યોગાનુંયોગ આ જ તારીખે ગયા વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કલમ ૩૭૦ દૂર કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો. હવે અયોધ્યામાં રામ મંદિર નિર્માણનું કાર્ય પણ ૫ ઓગસ્ટથી શરૂ થશે. શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના આમંત્રણનો સ્વીકાર કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ દિવસે થનારા ભૂમિપૂજનના કાર્યક્રમમાં ભાગ લેવા આવશે. આ ઉપરાંત આરએસએસના વડા મોહન ભાગવત, વીએચપીના નેતાઓ, ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ, ઉમાભારતી, કલ્યાણસિંહ, વિનય કટિયાર ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથ સહિત લગભગ ૨૦૦ હસ્તીઓ તેમાં સામેલ થશે. પૂજન કાર્યક્રમ અને મંત્રોચ્ચાર માટે મોદીના મત વિસ્તાર વારાણસીથી પૂજારી આવશે. ટ્રસ્ટના વડા મહંત નૃત્ય ગોપાલદાસ મંદિર માટે ૪૦ કિલો ચાંદીની શ્રીરામ શિલા સોંપશે જેને વડાપ્રધાન મૂકશે. વીએચપીએ કહ્યું છે કે કરોડો હિન્દુ લોકોની રામજન્મભૂમિ પર જ ભવ્ય રામમંદિરની આશા પૂરી થઈ રહી છે ત્યારે ભૂમિપૂજન કાર્યક્રમના જીવંત પ્રસારણની માંગ કરી છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૯૯૮**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૪૯૪૩૯**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૨૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૭૭૭**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૩૫૬૫૯**

## તંત્રી સ્થાનેથી...

# દગાખોર ચીન: શિકાર કરવા નીકળ્યા અને શિકારી પોતેજ ફસાઈ ગયા કે શું.....?

વિશ્વભરમા કોરોના વાયરસનો આક ૧ કરોડ ૪૫ લાખને આબવાની તૈયારીમાં છે, અને મૃતાક ૬ લાખ ૫ હજારને પાર થઈ આગળ વધી રહ્યો છે. ભારતમાં કોરોના સંક્રમિતોનો આંક ૧૧ લાખ ૨૦ હજાર થવા તરફ આગળ વધી રહ્યો છે અને મૃત્યુઆંક ૨૭,૫૨૩ પર પહોંચી ગયો છે. વિશ્વના દેશો કોરોના મારક દવા શોધવામાં ઓતપ્રોત છે. ત્યારે ભારતમાં ૫ જેટલી લેબોરેટરીઓ- મેડિસિન સંશોધન કરતા કે ઉત્પાદન કરતા એકમોએ કોરોના મારક દવા શોધી કાઢી છે અને આખરી પ્રક્રિયા ચાલી રહી છે. પરંતુ સમગ્ર દેશમાં કોરોના વાયરસનો જે રીતે પ્રચાર- પ્રસાર થયો તેના કારણે પ્રજામાં વધુ પ્રમાણમાં ડર પેસી ગયો છે. સરકાર અને તેનુ આરોગ્યતંત્ર, WHO એ કોરોના બાબતે જે નિર્દેશો આપ્યા, સૂચનો કરેલ તેના પર લોકોનો વિશ્વાસ ઉઠી ગયો લાગે છે.....! કારણ કોરોના બાબતે આમ લોકોમા વિવિધ શંકા-કુશંકાઓ વ્યક્ત કરતી ચર્ચાઓ ચાલી રહી છે કે એક સમયે એટલે કે લગભગ ચારેક માસ પહેલા કહેતા હતા કે કોરોનાની ભારતમાં અસર નહીં થાય એટલે કોરોનાથી ડરવાની જરૂર નથી, કોરોના ગરમીમાં ખતમ થઈ જાય છે. ત્યાર બાદ ×હૂ× પોતાનાજ આપેલા સુચનો બદલે છે લોક ડાઉનનાના નિયમો પાળવાની વાત કર્યા કરે છે.... પછી સૂચન આપ્યું ટોળામાં હોય ત્યારે જ માસ્ક પહેરવુ જરૂરી છે....બાકી જરૂરી નથી.... પછી સૂચન આવ્યું હવાથી કોરોના ફેલાય છે... કેન્દ્ર સરકારે કહ્યું હતું કે કોરોના સાંકળ તોડવા કફર્યુ પછી લોકડાઉન જાહેર કર્યુ અને તે પણ ત્રણવાર લંબાવાયુ....છતા આજે ભારત ક્યાં પહોંચી ગયું છે.....? આમાં વિશ્વાસ કોની પર કરવો....? એ મોટો સવાલ છે.....! ભારતમાં આયુર્વેદમાં જે તે રોગ માટેના અનેક નુસ્ખાઓ છે તે માટે સંશોધન કરવામાં કેમ નથી આવતું.....? આવા અનેક સવાલો આમ પ્રજા વચ્ચે ઘુમરાઈ રહ્યા છે.કોરોના અંગે જે રીતે સમાચારોનો સતત મારો ચાલતો હતો અને જે ડિબેટો કે ઈન્ટર્વ્યુ પસાર થતા હતા તેના કારણે લોકોમાં ડર વધુ ફરી વળ્યો છે. અને એ કારણે આમ પ્રજામાં તેમજ દેશના ઉત્પાદન ક્ષેત્રોમાં મોટી અસર થઈ છે.....!? બીજી તરફ સમાચાર પ્રસિદ્ધ થાય છે કે કોરોના સંક્રમિત બીમારી છે જેની સામે સવાલ ઉઠયો છે કે જો સંક્રમિત બીમારી છે તો પક્ષીઓ અને પશુઓને કેમ નથી થયો......? સોશ્યલ મીડિયા પર એ પ્રકારે લોકો વાયરલ કરે છે કે આ એક એવી બીમારી છે કે જેમાં સરકારી લોકો, નેતાઓ, હીરો વગેરે સારા થઈ જાય છે અને સામાન્ય લોકો મૃત્યુને ભેટે છે......?! માત્ર ઉધરસ, શરદી કે તાવ ને લઈને હોસ્પિટલ જાય તો કોરોના પોઝિટિવ કેસ દાખલ કરવા અને પાંચ દિવસ પછી.......?!! જો કોરોના સંક્રમિત બીમારી છે તો રેલીઓમાં, ઉજવણીઓમાં કે નેતાઓની લોક જૂથની મુલાકાત કે દેખાવો જૂથમાં કરે છે તેઓને કેમ કોઈ અસર નથી થતી......? ગજબનો આ કોરોના રોગ છે....કે જેની દવા કોઈ શોધાઈ નથી થતાં ૯૯ ટકા લોકો સાજા થઈ જાય છે...!!? દેશ ભરમાં કેન્સર, કિડની, હૃદય રોગ,ન્યુમોનિયા જેવા ગંભીર રોગો કે મેલેરિયા, શરદીના દર્દીઓ સદંતર ઘટી ગયા અને કોરોના કેસો વધી ગયા... આને શું કહેવાય......? શુ કોરોનાની આડમાં કોઈ ષડયંત્ર તો નથી ચાલી રહ્યું ને....? સરકારે આ બાબતે તપાસ કરવી જોઈએ તેવી આમ લોકોમાં સવાલી ચર્ચા ચાલી છે......!?

કોરોના મહામારી વચ્ચે ચીન, પાકિસ્તાન, નેપાળ અને ઈરાને હવે ઊંબાડિયા સાથે આડોડાઈ કરવાનું ભારત સાથે શરૂ કરી દીધું છે. જે કારણે ભારત સરકારે તમામ પ્રકારે સતત બાજનજર રાખવાની ફરજ પડી છે. ભારતના ટેકામા અમેરિકાએ એશિયા વિસ્તારમાં ચીન સામે લશ્કરી જમાવડો કરવા સાથે તેનું યુદ્ધ જહાજ આંદામાન પહોંચાડી ચીનને ઘેરવાનું શરૂ કરી દીધું છે. તો ભારત, જાપાન,ઓસ્ટ્રેલિયાએ પણ વચ્ચે આજે પણ હિંદ મહાસાગર દ્વારા ચીનને ઘેરવાનું શરૂ કરી દીધું છે. વિશ્વના કેટલાક દેશો પણ ચીન બાબતે ભારતને ટેકો આપી રહ્યા છે. રશિયા પણ પોતાની રીતે લશ્કરી જમાવટ સાથે શસ્ત્ર સંરંજામ તૈયાર કરીને ચીન સામે બેઠું છે. મતલબ ભારત નો શિકાર કરવા નીકળેલ ચીન પોતે જ શિકારને જાળમાં ચારે બાજુથી ફસાઈ ગયું છે. ભારત, અમેરિકા, જાપાન, ઓસ્ટ્રેલિયા,રશિયા જેવા દેશોએ તમામ રીતે લશ્કરી, વ્યાપાર બાબતેની તમામ તૈયારી કરી લીધી છે. તો ચીનની પ્રજા પણ શી જિન પિંગથી વાઝ આવી ગઈ છે....! અને કદાચ આંતરિક બળવો થવાની શક્યતા વધુ છે... તેથી હવે સમજે તો તેના માટે સારું છે. નહિતો રશિયાની જેમ ચીનના ભાગલા પડી જશે....! તે નિ:શંકર છે. લુચ્ચુ ચીન ભારત સાથે બેઠકો યોજી સરહદેથી લશ્કર પાછુ ખેચવાનો દેખાડો કરે છે... તો બીજી તરફ સરહદથી ૧૫૦-૨૦૦ કિલો મીટરે યુદ્ધ વિમાનો સહિતની તૈયારી કરે છે....ત્યારે ચીનનો વિશ્વાસ કરવો કેટલો યોગ્ય ગણાય....? વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૨૦૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૧/૦૭/૨૦૨૦, મંગળવાર, શ્રાવણ સુદ-૧
સૂર્યોદય-૬-૧૪, સૂર્યાસ્ત-૭-૩૨, જૈન નવકારશી-૭-૦૨,
આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્ર: પૃષ્ય

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૯-૩૪ થી ચલ-લાભ-અમૃત-૧૪-૩૩ સુધી, ૧૬-૧૨થી શુભ-૧૭-૫૧ સુધી, ૨૦-૫૨થી લાભ-૨૨-૧૨ સુધી, ૨૩-૩૩ થી શુભ-અમૃત-ચલ-૨૭-૩૫ સુધી

**- શુભ હોરા-**

૮-૨૮થી ૧૧-૪૭ સુધી, ૧૨-૫૩ થી ૧૩-૫૯ સુધી, ૧૬-૧૨થી ૧૯-૩૧ સુધી, ૨૦-૨૫ થી ૨૧-૧૮ સુધી

# અરવલ્લી એલસીબી પોલીસે હોટલ આગળ પાર્ક કરેલ ટ્રકમાંથી ૧.૮૦ દારૂ સાથે બે શખ્શોને દબોચ્યો


મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી બુટલેગરો મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઘુસાડવા મરણિયા બન્યા છે બુટલેગરો નિતનવા નુસખા અપનાવી રહ્યા છે હાલ તો અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર બુટલેગરોના કીમિયો નિષ્ફળ બનાવી રહી હોય તેમ રોજ બેરોજ નાના-મોટા વાહનો માંથી વિદેશી દારૂ સાથે બુટલેગરોને દબોચી લેતા બુટલેગરો માં પણ ફફડાટ ફેલાયો છે અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે જીવણપુર નજીક આવેલી વિશ્રામ હોટલ આગળ પાર્ક કરેલી ટ્રકમાંથી ૧.૮૦ લાખના દારૂના જથ્થા સાથે બે શખ્શોને ઝડપી પાડ્યા હતા શામળાજી પોલીસે એસજી વિદ્યાલય પાસેથી પસાર થતી ટ્રકમાંથી ૩.૩૬ લાખનો વિદેશી દારૂ સાથે બે શખ્સોની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા .



અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે.પરમારે અને તેમની ટીમે જીલ્લામાં વિદેશી દારૂની હેરાફેરી અને વેપલા અટકાવવા જીલ્લામાં સઘન પેટ્રોલિંગ દરમિયાન જીવણપુર સ્ટેન્ડ સામે આવેલી હોટલ આગળ પાર્ક કરેલી આયશર ટ્રકમાં વિદેશી દારૂ નો જથ્થો હોવાની બાતમી મળતા તાબડતોડ પહોંચી હોટલ આગળ પાર્ક કરેલી આયશર ટ્રકમાં તલાસી લેતા ટ્રકમાં આટાની બેગના જથ્થાની આડમાં સંતાડેલ વિદેશી દારૂની બોટલ નંગ-૩૬૦ કી.રૂ.૧૮૦૦૦૦/- મળી આવતા ટ્રક ચાલક કમલેશ પરવેશ્વરલાલ ગુર્જર તથા ક્લીનર સુભાષ રક્ષપાલ સિંહ ગુર્જર (બંને.રહે પુરોહિતની ધાણી-નવલગેટ, રાજસ્થાન) ને દબોચી લઈ આટાની બેગ, આયશર ટ્રક,મોબાઈલ મળી કુલ.રૂ.૮૬૭૫૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી બંને શખ્શો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

શામળાજી પીએસઆઈ અનંત દેસાઈ અને પોલીસ સ્ટાફે રાજસ્થાન તરફથી આવતાં વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા અને હાઈવે પર પેટ્રોલિંગ કરતા એસજી વિદ્યાલય પાસેથી શંકાસ્પદ હાલતમાં રાજસ્થાન તરફથી આવતા ટ્રકને અટકાવી તલાસી લેતા પાવડરના કટ્ટા ની પાછળથી વિદેશી દારૂની બોટલ-૮૭૬ તથા ક્વાંટરીયા નંગ-૨૪૫ મળી કુલ.રૂ.૩૩૬૪૮૦/- ના જથ્થા સાથે સુરેશલાલ ભેરુલાલ ગુર્જર અને રમેશલાલ નાથુજી ગુર્જર ને ઝડપી પાડી ટ્રક અને મોબાઈલ મળી કુલ રૂ.૧૦૩૮૯૮૦/-નો મુદ્દામાલ જપ્ત કરી બંને આરોપીઓને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા



આજરોજ નિસ્વાર્થ સેવા સંગઠન ના માધ્યમથી ગુજરાત રાજ્યમાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મીઓના ગ્રેડ પે અને વર્ષોજૂના ભથ્થામાં તત્કાલ ધોરણે વધારો કરવા માં આવે એ અનુસંધાને કલેકટર શ્રી ને નિસ્વાર્થ સેવા સંગઠન દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું અને નિસ્વાર્થ સેવા સંગઠન પ્રમુખ નીતિન ઠાકોર જણાવ્યું હતું કે ગુજરાતમાં વિવિધ કર્મચારી યુનિયનના દબાણ કે ખાનગી સોદા પ્રમાણે આપના દ્વારા તે કર્મચારીઓના ગ્રેડ પે અને બધામાં મન માન્યા સુધારા આપ કરતા આવ્યા છો હાલમાં પણ આપે શિક્ષકોના યુનિયનની રજૂઆત મુજબ તેમના ગ્રેડ પે મંજુર કરેલ છે રાજ્યના તમામ કર્મચારીઓને મળવાપાત્ર લાભો અંગે બંધારણીય સમાનતા જળવાઈ રહે તે જોવાની આપ સૌની જવાબદારી છે આપ રાજ્યના તમામ પોલીસ કર્મચારી બાબતે નિભાવેલ નથી માટે આપને ગુજરાત રાજ્યના પોલીસ કર્મચારીઓના જાહેરહિત મો આ નોટિસ આપી માંગણી કરવાની ફરજ પડેલ છે ગુજરાત રાજ્યના એએસઆઈ હેડ કોન્સ્ટેબલ કોન્સ્ટેબલ પે ગ્રેડ ખૂબ જ ઓછા અનુક્રમે ચૂકવાય છે તેના બદલે માંગણી મુજબના અનુક્રમે ૪૨૦૦/૩૬૦૦/૨૮૦૦ ગ્રેડ પે આપવામાં આવે સાથે ગુજરાતના તમામ પોલીસ કર્મચારીઓ કે પીઆઈ પીએસઆઈ એએસઆઈ હેડ કોન્સ્ટેબલ કોન્સ્ટેબલ વગેરેને તેમના હક્કો માટે યુનિયન રચવાનો મૂળભૂત અધિકાર આપવામાં આવે એવી પ્રમુખ શ્રી નીતિનભાઈ ઠાકોર રૂપેશભાઈ ગુપ્તા ઠાકોરદાસ ખત્રી મન અગ્રવાલ મેહુલભાઈ પ્રજાપતિ પ્રકાશભાઈ ધારવા અને તમામ નિસ્વાર્થ સેવા સંગઠન ની ટીમ વતી માંગણી છે.

## બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં બોગસ તબીબને જાગૃત નાગરિકે ઉઘાડો પડ્યો.

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લા માં બોગસ તબીબો નો રાફડો ફાટી નીકળ્યો છે દાંતા તાલુકા ના કુવારસી ગામ માં બોગસ તબીબ ને જાગૃત નાગરિક દ્વારા ખુલ્લો પાડવા માં આવ્યો છે દાંતા તાલુકા પૂરતું જ નહીં વાત કરીએ સમગ્ર બનાસકાંઠા ની તો બનાસકાંઠા ના તમામ તાલુકા માં ઊંટવેદુ ડોકટરો નો રાફડો ફાટી નીકળ્યો છે આ ઊંટવેદુ ડોકટરો દ્વારા અંતરીયાળ વિસ્તાર માં લોકો પર ખુલ્લેઆમ લૂંટ ચલાવવા માં આવે છે . દાંતા તાલુકા માં THO ની રહેમ નજર હેઠળ બોગસ તબીબો નો રાફડો ફાટી નીકળ્યો હોય એવું લાગી રહ્યું છે જિલ્લા આરોગ્ય અધિકારીની બોગસ તબીબો પર ની પક્કડ છૂટી હોય એવું લાગી રહ્યું છે આરોગ્ય અધિકારી બનાસકાંઠા ના તમામ અંતરીયાળ વિસ્તારના ગામડા ની મુલાકાત લઈ તાપસ કરવા માં આવે તો આવા ઘણા ઊંટવેદુ ડોક્ટર ઉઘાડા પાડી શકાય.

## ટાઉન પોલીસે બાળકોનું માતા-પિતા સાથે મિલન કરાવ્યું

# મોડાસામાં બે સ્થળેથી રહસ્યમય રીતે મળી આવેલ પાંચ બાળકો સીમલવાડાના હોવાનું ખુલ્યું



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો

મોડાસા શહેરના બાજકોટ ચાર રસ્તા અને હજીરા વિસ્તાર એમ બે જુદીજુદી જગ્યાએથી શનિવારે રાત્રી દરમિયાન રહસ્યમય રીતે નિરાધાર હાલતમાં ૧ સગીર અને ૪ બાળકો મળી આવ્યા હતા. બાજકોટ ચાર રસ્તા ઉપર ફરતા આ બાળકો અંગે નજીકના એક ચાની કીટલીવાળા દ્વારા ટાઉન પોલીસ અને મોડાસાની પરખ સંસ્થાના ચાઈલ્ડ હેલ્પ લાઈન સેન્ટરને જાણ કરવામાં આવી હતી મોડાસા ટાઉન પોલીસ અને પારેખ સંસ્થાના સદસ્યો પહોંચે તે પહેલા બાળકો સાથે રહેલ સગીર છટકી ગયો હતો પોલીસે આ સગીર ની શોધખોળ હાથધરી હતી સગીર યુવકને પણ શોધી કાઢી સગીર અને ૪ બાળકોને ચાઈલ્ડ સેન્ટર ખાતે લઈ જઈ તેમની સાર સંભાળ કરવામાં આવી હતી. અને સખી વન સ્ટોપ ખાતે રાખ્યા હતા સંસ્થાના સદસ્યો અને પોલીસે બાળકો સાથે આત્મીયતા કેળવી પૂછપરછ કરતાં રાજસ્થાનના સિમલાવાડાના હોવાનું જણાવ્યું હતું . રાજસ્થાનના સીમલવાડા થી શનિવારે રાત્રે મોડાસા પહોંચેલા ૫ બાળકોમાં ત્રણ સગા-ભાઈ બહેન અને બે મામા-ફોઈ ના થતા હતા ૫ બાળકો કામ મળે તે માટે મોડાસા પહોંચ્યા હોવાનું જણાવતા પોલીસે હાશકારો અનુભવ્યો હતો મોડાસા ટાઉન પોલીસે સગીર અને ચારેય બાળકોના માતા-પિતાનું નામ ઠામ જાણી સંપર્ક કરતા ૫ બાળકોના વાલી-વારસો મોડાસા દોડી આવ્યા હતા અને બાળકો સાથે સુખદ મીલન થતા આંખો ભીની થઈ હતી અને બાળકોને ઘરે પહોંચાડવા ટાઉન પોલીસે મદદ પણ કરી માનવતાના દર્શન કરાવ્યા હતા

## સાવરકુંડલા ના કે.કે.મહેતા સરકારી હોસ્પિટલ ના ૧૦ યોધ્ધા ઓ સુરત ની નવી હોસ્પિટલ ખાતે સેવા માટે કાર્યરત



હાલ કોરોના વાયરસે હાહાકાર મચાવ્યો છે તેવામાં સાવરકુંડલા ની કે.કે.મહેતા સરકારી હોસ્પિટલ ના નર્સિંગ સ્ટાફ ના ૧૦ યોધ્ધા ઓ સુરત ની નવી હોસ્પિટલ ખાતે કોરોના વોરીયર્સ તરીખે સેવા બજાવી રહ્યા છે જે સાવરકુંડલા માટે ગૌરવ લેવા જેવી બાબત છે કે કોરોના વાયરસ માં કોરોના ના દર્દી ઓ ની વચ્ચે રહી ને પોતાની ફરજ બજાવી રહ્યા છે જેમાં થી ડો.કાપડિયા સાહેબ, અને ડૉ.અતુલ સખીયા સાહેબના માર્ગદર્શન હેઠળ ,શ્રી મતી યુ.એન.ત્રિવેદી, શ્રી મતિ જે.બી.વ્યાસ,શ્રી મતિ આર. એ ન . કાલાવડીયા , શ્રી બી.એન.વ્યાસ,શ્રી જે.કે.ચૌહાણ, શ્રી જે.ટી. પરમાર,શ્રી બી.ડી.ધાખડા,શ્રી મતિ એસ.આર. વસાવા, શ્રી આર,આર,જોષી(રાજદીપ),શ્રી મતી એસ.એસ, જોષી સહિત ના નો સ્ટાફ કોરોના વોરીયર્સ તરીખે પોતાની ફરજ નિભાવી રહ્યા છે જેમ જુનયરકલાર્ક નરેશ ભાઈ મેવાડા ની યાદી માં જણાવ્યું હતું

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ: સોનું ઢીલું, ચાંદી તેજ: ક્રૂડ તેલ, નેચરલ ગેસમાં નરમાઈ

## કોટન, સીપીઓના વાયદાના ભાવમાં સુધારાનો સંચાર: કપાસ, મેન્થા તેલ નોમિનલ ઘટ્યા: પ્રથમ સત્રમાં રૂ.૧૦૦૮૧ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૫૦૪૬૩ સોદામાં રૂ.૧૦૦૮૧.૪૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનું ઢીલું હતું, જ્યારે ચાંદી તેજ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંનેમાં નરમાઈનો માહોલ હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટન અને સીપીઓના વાયદાના ભાવમાં સુધારાનો સંચાર થયો હતો, જ્યારે કપાસ અને મેન્થા તેલમાં નોમિનલ ઘટાડો થયો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૮૫૧૯૩ સોદાઓમાં રૂ. ૫૫૦૭.૩૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૯૧૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૯૯૩ અને નીચામાં રૂ. ૪૮૮૫૮ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૨ ઘટીને રૂ. ૪૮૯૨૫ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૧ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૯૫૪૦ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૯૦૧ થયા હતા, જ્યારે સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૧ ઘટીને બંધમાં રૂ. ૪૮૯૭૦ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૫૨૮૧૯ ખૂલી, ઊપરમાં રૂ. ૫૩૧૭૮ અને નીચામાં રૂ. ૫૨૭૩૫ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૯૪ વધીને રૂ. ૫૩૦૯૩ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ. ૧૫૮ વધીને રૂ. ૫૩૧૩૫ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ રૂ. ૧૬૨ વધીને રૂ. ૫૩૧૨૯ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૩૫૧૫ સોદાઓમાં રૂ. ૧૫૫૬.૫૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૦૨૭ ખૂલી, ઊપરમાં રૂ. ૩૦૩૪ અને નીચામાં રૂ. ૩૦૦૪ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૩ ઘટીને રૂ. ૩૦૨૦ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૩૨૩૨ સોદાઓમાં કુલ રૂ. ૩૪૬.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જુલાઈ વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૧૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૧૫૦ અને નીચામાં રૂ. ૧૬૧૦૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦ વધીને રૂ. ૧૬૧૫૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૭૧૧ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯.૬ વધીને બંધમાં રૂ. ૭૧૭.૧ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૯૫૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૫૯ અને નીચામાં રૂ. ૯૫૧ રહી, અંતે રૂ. ૯૫૪.૯ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૬૯ ખૂલી, ઊપરમાં રૂ. ૯૭૦ અને નીચામાં રૂ. ૯૬૭ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે ૫૦ પૈસા ઘટીને રૂ. ૯૬૮ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૩૧૫૧ સોદાઓમાં કુલ રૂ. ૨૪૭૯.૭૮ કરોડ ની કીમતનાં ૫૦૬૬.૦૭૫ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૭૨૦૪૨ સોદાઓમાં કુલ રૂ. ૩૦૨૭.૬૨ કરોડ ની કીમતનાં ૫૭૧.૨૨૫ ટન, ક્રૂડ તેલમાં ૧૮૫૩૧ સોદાઓમાં રૂ. ૮૭૧.૪૯ કરોડનાં ૨૮૮૪૭૦૦ બેરલ્સ, કોટનમાં ૩૭૭ સોદાઓમાં રૂ. ૩૦.૩૮ કરોડનાં ૧૮૭૨૫ ગાંસડી, સીપીઓમાં ૨૭૯૬ સોદાઓમાં રૂ. ૩૧૧.૧૧ કરોડનાં ૪૩૬૩૦ ટન, એલચીમાં ૧ સોદાઓમાં રૂ. ૧.૩૪ લાખનાં ૦.૧ ટન, મેન્થા તેલમાં ૩૩ સોદાઓમાં રૂ. ૩.૯૩ કરોડનાં ૪૧.૦૪ ટન, કપાસમાં ૨૫ સોદાઓમાં રૂ. ૭૧.૬૮ લાખનાં ૧૪૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૫૦૫.૧૧૨ કિલો, ચાંદીના વાયદાઓમાં ૬૫૩.૮૨૭ ટન, ક્રૂડ તેલમાં ૪૫૭૯ બેરલ્સ, કોટનમાં ૧૦૭૦૦૦ ગાંસડી, સીપીઓમાં ૭૭૭૦૦ ટન, એલચીમાં ૦.૬ ટન, મેન્થા તેલમાં ૧૫૩.૩૬ ટન અને કપાસમાં ૬૪૦ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૮.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૩૫૩.૫ અને નીચામાં રૂ. ૨૬૯ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૮૭.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૫ અને નીચામાં રૂ. ૦.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૦૧૩ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧૨૫ અને નીચામાં રૂ. ૧૦૦૯ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૫૯.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૫૮૮.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૫૯૩.૫ અને નીચામાં રૂ. ૫૩૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૫૯ બંધ રહ્યો હતો.

તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૩૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૦.૦૧ ખૂલી, ઊપરમાં રૂ. ૦.૦૧ અને નીચામાં રૂ. ૦.૦૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૦.૦૧ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૨૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૦૪ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૫ અને નીચામાં રૂ. ૯૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૬.૪ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૫૨.૭ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૬ અને નીચામાં રૂ. ૧૫૦.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૬૧.૪ બંધ રહ્યો હતો.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

શબ્દ સર્જન...સાહિત્ય વિભાગ
પરિણામો
"ગદ્ય" વિભાગ
૧ તેજલ વઘાસીયા NG No:0017
૨ સંગાર ગીતા કાનજીભાઈ NG No:0041
સર્જનહાર
૩ સંજય તરબદા "સાંજ" NG No:0052
"પદ્ય" વિભાગ
૧મનોજકુમાર પંચાલ .....NG No:0011
૨ સંધાર જયેશબાબુભાઈ સરવૈયા NG No: 0014
સર્જકના સર્જનો
૩ શીલા પટેલ.... NG No:0038
૪ મીના માંગરોલીયા "મીનુ"...NG No:0032
૫ ડો.નિષાદઓઝા"અમન"સૃજન.. .NG No :0012
With honour

---

ન્યુઝ ઓફ ગાંધીનગર
NG NO - 0052
શબ્દ : સર્જન

પૃથ્વી પર કાંઈ વસ્તુ અમર નથી "જેનું સર્જન છે તેનો નાશ પણ છે" અહીં કોઈ ચીજ કાયમ નથી તે વાત મનુષ્યે સ્વીકારી લીધાં પછી જ આગળ ધપવુ જોઈએ.

અરે અહીં સજીવ તો છોડો ભલાં માણસો નિર્જીવ વસ્તુ પણ એક સમયે નાશ પામે છે ,કોઈ અમરત્વ પ્રાપ્ત કરીને નથી આવ્યુ.

જે આવ્યુ છે તે ગયું જ છે ,જે સર્જાયું તે નાશ પણ થવાનુ જ છે,તો સંસારમાં કોઈ ચીજ પામી લીધાં બાદ ક્યારેય અભિમાન કરવાનું થતું નથી ,કેમ કે નામ, શોહરત,દોલત,રુપ કોઈ વસ્તુ કાયમ માટે કામ નથી લાગવાની, આ બધું જ્યા સુધી જીવિત છીએ ત્યાં સુધી જ સાથે છે પછી તો તે નાશવંત જ છે.

સંજય તરબદા "સાંજ"
વડોદરાઃ

---

ન્યુઝ ન્યુઝ ઓફ ગાંધીનગર
NG: 0041
શીર્ષકઃ સર્જનહાર
પ્રકારઃ ગદ્ય

નિશાંતને તેમના દાદીમા રોજ રાતે વાર્તા સંભળાવતા અને નિશાંત પણ ખૂબ ધ્યાનથી તે સાંભળતો. આજે દાદીમા પરમાત્માએ સર્જન કરેલ આ સૃષ્ટિ વિશે વાતો કરતા હતા. તેમણે નિશાંતને કહ્યું "આ પશુ-પંખી, જીવ-જંતુ અને મનુષ્યો બધું સર્જનહારનું સર્જેલ છે. આપણે બધા આ સૃષ્ટિ પર પરમાત્માએ મોકલેલ જીવો જ છીએ. આપણે આ પશુ-પંખી, જીવ-જંતુને હાની ન પોહોચાડવી જોઈએ, તેમની રક્ષા કરવી જોઈએ.

દાદીમા આ વાતો કરતા હતા કે નિશાંત ક્યારે સુઈ ગયો ખબર જ ન પડી. અને રાત્રે નિશાંતને સપનું આવ્યું, "આ સૃષ્ટિ પર થતા કેટલાય પાપો થઈ રહ્યા છે. સર્જનહરે સર્જેલી આ સૃષ્ટિ વિનાશ તરફ જઈ રહી છે. મનુષ્યો પશુ-પંખી અને પ્રકૃતિને હાનિ પોહોંચડી રહ્યા છે. અન્યાય,અસત્ય અને કુકર્મો કે કૃત્યો થકી સર્જનહાર પરમાત્મા દુઃખી થઈ રહ્યો છે. જાણે પોતાના જ કરેલા સર્જન પર દુઃખ વ્યક્ત કરતા હોય...." અને નિશાંત ઓચિંતો જાગી ગયો.

સંગાર ગીતા કાનજીભાઈ "નિલમ"

---

ગદ્ય વિભાગ
"સર્જન"શબ્દ પરથી રચના
NG No :: 0017
શીર્ષક :: ઈશ્વરનું સર્જન

હું અને મારી સખી લાંબા સમયે મળ્યા અને એટલે ઈશ્વરના સર્જનની વાતોએ ચડ્યા.

મારી સખી :: "સાંભળ તો... ઈશ્વરનું કરેલું આ સ્ત્રીનું સર્જન કેવું અનોખું છે નહીં?"

હું :: "હા, ઈશ્વરનું સર્જન તો બધું અનોખું જ છે."

મારી સખી, "કેમ, આમ બોલી? હું માત્ર સ્ત્રીના સર્જન વિશે વાત કરી રહી છું."

હું :: "સ્ત્રીને એકલીને થોડી ઈશ્વરે સર્જી છે? નજર સમક્ષ રહેલા દરેક જીવ-સજીવ ઈશ્વરે જ સર્જ્યા છે ને!!!"

મારી સખી :: "ઓહ, એટલે તું તારી જાતને સ્ત્રી હોવાનું ગૌરવ નથી આપતી? એમ કહેવા માંગે છે તું..."

હું :: "ના, મને ઈશ્વરનું દરેક સર્જન ગમે છે. તો કોઈ એક સર્જન પર ગૌરવ કેવી રીતે કરી શકું?"

મારી સખી :: "આવી મોટી ભગતાણી, હોં. મને આ પુરુષજાત બિલકુલ નથી ગમતી. સખત નફરત થાય છે, મને... અને એટલે જ, હું સ્ત્રી હોવાનું અભિમાન રાખું છું."

હું :: "પોતાની જાત પ્રત્યે આટલું અભિમાન સારું નહીં. હવે તું મારા સવાલનો જવાબ આપ. તને પુરુષ જાત ગમતી જ નથી તો લગ્ન શું કામ કર્યાં? પહેલી ડીલીવરીમાં દિકરાને જ જન્મ આપીશ એવો આગ્રહ રાખીને તેં એક દીકરીને તારી કુખમાં જ કેમ મારી? એ પણ આવનારા દિવસોની સ્ત્રી જ હોત ને?"

મારી સખી પાસે મારા આ સવાલોના જવાબ ન હતા. અને ઈશ્વરના અનોખા સર્જન પર શરૂ થયેલી વાત એ અનોખા સર્જન દ્વારા જ નવા સર્જનના વિસર્જન પર આવીને અટકી ગઈ.


- તેજલ વઘાસીયા (ઉમરાળી, જૂનાગઢ)

---

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/ માલિક) (૨-૯૮૨૪૬૫૩૦૭૩)
નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
સંચાલક - જીજ્ઞા કપુરિયા
સહ સંચાલક - મનીષ વોરા
સંપર્ક : Email : prdpraval42@gmail.com

---

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ




# Bloggerbaba નામનની યુટ્યૂબ ચેનલ પર આદિવાસી યુટ્યુબરે ચૌધરી સમાજને ઉજાગર કરી મેળવી લોકપ્રિયતા



સતિષ પટેલ વલસાડ

ગુજરાતમાં પૂર્વ પટ્ટી માં ગ્રામ્ય વિસ્તારોમાં તાપી જિલ્લાના વ્યારા તાલુકા માં રૂપવાડા ગામ માં રહેતા આદિવાસી યુટ્યુબરે પોતાના આદિવાસી સમાજ માં એક અનોખું સ્થાન મેળવ્યું છે

આદિવાસી સમાજમાં યુવાન કલાકારો દ્વારા અદિકાલથી ચાલી આવેલી વિજ્ઞાન યુગમાં વિસરાઈ રહેલ પરંપરા અને બોલી ભાષા ને બચાવવા માટે અથાક પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે એ આજના યુવાનો માટે યુટ્યુબ પર Bloggerbaba નામ થી પ્રખ્યાત થયેલ પ્રદીપ ચૌધરી અને તેની ટીમ ખુબ સરસ કાર્ય કરી રહી છે.એ બિરદાવવા લાયક છે

આદિવાસી સમાજમાં જે ચૌધરી અને ગામીત બોલી ભાષા માં કોમેડી, સામાજિક સંદેશા ઓ તથા લોક જાગૃતિ ના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે એ આદિવાસી સમાજ ના વિવિધ યુટ્યૂબ વિડિઓ મૂકી ને લોકો ને મનોરંજન પૂરું પાડે છે સાથે લોકને જાગૃત પણ કરી રહ્યા છે.

યુવાન કલાકારો પ્રદિપ ચૌધરી અને તેમની ટીમ ખાસ કરી ને ખેતરો માં વીડિયો શૂટ કરે છે. ખાસ કરી ને આદિવાસી તહેવારો, પરંપરાઓ, અને ખેતી કામ ને લગતા ખુબજ સારા વીડિયો બનાવી અપલોડ કરે છે.

પ્રદિપ ચૌધરી એક સામાન્ય પરિવાર માંથી આવે છે. પ્રદિપ ચૌધરી એ એક નાનકડો વીડિયો બનાવ્યો હતો તે વોટ્સએપ પર ખુબ વાયરલ થયો હતો.ગુજરાત દેશવિદેશમાં સારી પ્રસિદ્ધ મળી હતી. ત્યાર બાદ એમને યુટ્યુબ માં ચૌધરી ભાષા માં ઘણા વિડિઓ બનાવી મુકવાનું ચાલુ કર્યુ અને ત્યાર બાદ પ્રદિપ ચૌધરી આદિવાસી નાં સ્ટાર બની આદિવાસી સમાજમાં લોકોમાં સારી લોકચાહના મળી છે. આજે *Bloggerbaba* ના યુટ્યુબ પર ૨૮ હજાર થી વધુ સબસ્ક્રાઈબર છે.અને દરેક વીડિયો માં પચાસ હજાર થી વધારે વ્યુહ મળે છે. આજે એમના ચાહકોમાં છે એના સબસક્રાઈબર છે વિડિઓ આવવાની રાહ જોતા હોય છે. અને બધા ખુબ saport કરે છે.

Bloggerbaba પોતાના વિડિઓ નું કામ તેની ટીમ સાથે મળી ને કરે છે. તેમની ટીમ માં રૂપવાડા ગામનાજ બીજા ચાર સાથીઓ કામ કરે છે જેમના નામ છે. વિરલ ચૌધરી (વીરુ) મેહુલ ચૌધરી ( રામલો ) મિતુલ ચૌધરી હર્ષ ચૌધરી ( C_two ) અને કેમેરામેને નું કામ સંદિપ ચૌધરી કરે છે..


Bloggerbaba વીડિયો ની શુટિંગ પોતાના ફોન માંજ કરવામાં છે. અને એડીટીંગ પણ ફોનમાંજ કરે છે.

પ્રદિપ ચૌધરી નું મુખ્ય લક્ષ સમાજમાં જાગૃતિ લાવવાનો છે અને નવા નવા વિડીયો બનાવવામાં માટે ખુબ શોખ હોવાનું જણાવે છે જેથી નવા નવા વીડિયો બતાવતા રહે છે. અને દરેક વીડિયો માં કઈક નવું બતાવવાની કોશિશ કરે છે જે થકી આજે તેવો ખુબ લોકપ્રિય બન્યા છે.

## ભાજપના અગ્રણીઓની ચુપકીદી..!! :

# અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ સિવિલ હોસ્પિટલની માંગ પર અડગ મુખ્યમંત્રીને પત્રો લખ્યા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો



કોરોનાની મહામારીમાં અરવલ્લી જીલ્લામાં સીવીલ હોસ્પિટલના અભાવે કોરોનાગ્રસ્ત દર્દીઓને ઓક્સીજનની ઉણપ જણાતા હિંમતનગર સીવીલ હોસ્પિટલ ખાતે ધકેલી દેવામાં આવે છે જીલ્લામાં સિવિલ હોસ્પિટલના અભાવે આરોગ્ય લક્ષી સેવાઓ માટે લોકો દરદર ભટકી રહ્યા છે અરવલ્લી જીલ્લાને સાબરકાંઠા જિલ્લામાંથી અલગ થયે ૭ વર્ષ જેટલો સમય થવા આવ્યો છતાં સિવિલ હોસ્પિટલ નું નિર્માણ ટલ્લે ચઢતાં લોકોમાં આક્રોશ પ્રવર્તી રહ્યો છે કોંગ્રેસના શાસનમાં ડીઝલ-પેટ્રોલ અને રાંધણગેસનો ભાવમાં ૨ કે ૫ રૂપિયાનો વધારો નોંધાય કે પછી મોંઘવારી મુદ્દે રોડ પર ઉતરી આવતા ભાજપના પદાધિકારીઓએ જીલ્લાના ૧૧ લાખ લોકોના પ્રાણ પ્રશ્ન એવા સીવીલ હોસ્પિટલના ઝડપથી નિર્માણ કાર્ય થાય તે અંગે ભાજપના પદાધિકારીઓએ ચુપકીદી સેવી લેતા ભાજપના પદાધિકારીઓ સામે ભારે છૂપો રોષ જોવા મળી રહ્યો છે ભાજપના પદાધિકારીઓનું મૌન અને રાજય સરકારની ઢીલી નીતિના પગલે આગામી સમયમાં યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં પરાજયનો સ્વાદ ચાખવો પડે તો નવાઈ નહિ...! ભાજપના એક અગ્રણી કાર્યકરે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે રાજય સરકાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં સિવિલ નિર્માણનો જશ ખાટી ન જાય તે માટે સિવિલ હોસ્પિટલનું નિર્માણ ખોરંભે ચઢાવ્યું હોઈ શકે છે હાલ તો ભાજપ કોંગ્રેસના રાજકારણમાં જીલ્લાના લોકો આરોગ્યલક્ષી સેવાઓ થી વંચિત રહેવાનો વારો આવ્યો છે . અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ અને ત્રણે ધારાસભ્યો જીલ્લામાં લોકોની તાતી જરૂરિયાત એવી સિવિલ હોસ્પિટાલની માંગને લઈને સરકાર અને તંત્ર સામે લડી લેવાના મુડમાં હોય તેમ સતત વિરોધ પ્રદર્શન,પોસ્ટર વોર,આવેદનપત્ર અને મુખ્યમંત્રીને પત્ર લખી સિવિલ હોસ્પિટલનું નિર્માણ ઝડપથી કરવામાં આવેની માંગ કરી રહ્યા છે ત્યારે વધુ એક વાર જીલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ, જીલ્લા પંચાયત પ્રમુખ, ત્રણે ધારાસભ્યોએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી સીવીલ હોસ્પિટલનું ઝડપથી નિર્માણ કરવામાં આવેની માંગ કરી હતી જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર ની મુલાકાત કરી સિવિલ હોસ્પિટલ નિર્માણ કાર્ય કેટલે પહોંચ્યું ની ચર્ચા કરી હતી જીલ્લા કોંગ્રેસ સમિતિએ આગામી ગુરુવાર સુધી કોઈ યોગ્ય જવાબ સરકાર કે વહીવટી તંત્ર પાસેથી નહિ મળે તો જીલ્લા મથકે અને તાલુકા મથકે કોંગ્રેસ પ્રતીક ઉપવાસ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી હતી .કોંગ્રેસના ધારાસભ્ય અનીલ જોષીયારાએ સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે રાજ્યમાં જેની સરકાર હોય એના માટે ભાજપ-કોંગ્રેસ એવું કઈ ના હોય પરંતુ રાજ્ય સરકાર ભાજપના ધારાસભ્યના મત વિસ્તારમાં ઝડપથી વિકાસના કામો થઈ જાય છે કોંગ્રેસના ધારાસભ્યો વિકાસના કામ માટે સરકારમાં વારંવાર રજુઆત કરવા છતાં કામગીરી થતી નથી

# સિધ્ધપુરમાં દિવાસાના દિવસે દેવીપુજક સમાજ દ્વારા મૃતક સ્વજનોને કૃતજ્ઞતાપૂર્વક સામૂહિક શ્રદ્ધાંજલિ પાઠવી

. અષાઢ વદ અમાસના દિવસે દેશભરમાં વસતા દેવીપુજક પટણી સમાજ પોતાના મૃતક સ્વજનોને કૃતજ્ઞતાપૂર્વક સામૂહિક શ્રદ્ધાંજલિ આપવા માટે પોતાની માતૃભૂમિ સિદ્ધપુર ખાતે આવતા હોય છે ઈસ ૧૨૦૦ વર્ષ પૂર્વેથી દેવીપુજક પટણી સમાજ રાજા સિધ્ધરાજ જયસિંહના સમયથી દિવાસાના પર્વની અનોખી રીતે સિધ્ધપુર ખાતે આવી ઉજવણી કરતો હોય છે

ત્યારે આ વર્ષે વર્ષોની પરંપરા અનુસાર સિદ્ધપુર શહેરમાં અષાઢ વદ અમાસ ના મહાપર્વ દિવાસાના દિવસે દેવીપુજક સમાજ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી સિધ્ધપુર શહેરના નદીના સામા કિનારે ચંદ્રમૌલેશ્વર મહાદેવના મંદિર પાસે આવેલા દેવીપૂજક સમાજના સ્મશાન ગૃહમાં પોતાના મૃતક સ્વજનોને મનભાવક ચીજ વસ્તુઓ જેવી કે ફળફળાદી, ફરસાણ, જવારાઓ, બિસ્કીટ, બ્રેડ, ખાજા, ખમણ, દહી, દૂધ સહીત ધૂપ દીપ અને શ્રીફળ, ફુલ હાર સાદર અર્પણ કરીને ચોધાર આંસુએ રડી ને પોત પોતાના મૃતક સ્વજનોને યાદ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

# કોરોનામાં રોજગારી એક સમસ્યા

કોરોના ને કારણે એ ચેઇન તોડવા શરૂઆતમાં ૧૪ એપ્રિલ સુધીનું લોકડાઉન આવ્યું ?બધું જ બંધ.ધીમેધીમે લોકડાઉન લંબાતું ગયું.આજે લગભગ સાડાચાર મહિનાથી લોકડાઉન ચાલે. ટ્રેન બંધ અપડાઉન કરી નોકરી કરનાર મુશીબતમાં.થોડો વખતથી સરકારી કચેરીઓ ચાલુ થઈ.ખાનગી કંપની તો બંધ જ.પગાર પણ નહીં મળે.સરકારી કર્મચારીઓ, ધારાસભ્યો, સાંસદ, એ લોકોના પગાર ચાલુ.અમુક મોટી ખાનગી કંપનીમાં વર્ક ફ્રોમ હોમ માં પગાર ચાલુ પણ ૨૦% કપાત. બધાને જ જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા માટે પૈસા તો જોઈએ જ. મોંઘવારીમાં બચત કરી હોય તો પણ કેટલી? ચાર મહિના માં બધું જ વપરાય ગયું. હવે તો મધ્યમવર્ગીય બહેનો એ પોતાના પરિવારને કાજ ,જે જરાતરા દાગીના હતા તે વેચવા માંડ્યા છે એ પણ ક્યાં સુધી ચાલશે?

કોરોના ની અસર રોજગારી પર બહુ જ ખરાબ વર્તાય રહી છે. નાની રેંકડી ચલાવતા,ફેરીફરી રોજગારી મેળવતો વર્ગ હોટેલ, રેસ્ટોરન્ટ બધું જ બંધ.છૂટક મજુરી કરતા મજૂરો પણ ઘરે. સામાન્ય વર્ગ ની રોજગારી જ બંધ થઈ ગઈ છે.

રોજગારી મળવી જ મુશ્કેલ હતી તેને બદલે હવે તો બંધ જ થઇ ગઈ. ગરીબ અને મજૂર વર્ગ ને તો ફૂડ પેકેટ,મફત અનાજ મળી રહે છે, મધ્યમ વર્ગ નું શું? રોજગારી વગર.

સાંસદો, ધારાસભ્યો, નેતાઓ કોરોના કાળ ચાલે એટલાં મહિના પોતાનો પગાર,અન્ય સવલતો, ભાડાં ભથ્થા,ફ્રી મેડિકલ સવલત બધું જ બંધ કરી દે તો મધ્યમ વર્ગ ને પણ રાહત પંહોચાડી શકાય.આમ પણ આ લોકો તો પ્રજાની સેવા કરવા જ ચૂંટણી જીત્યા છે તો આ રીતે પ્રજાની સેવા કરવાની તક મળી છે તો સેવા કરી લેવી જોઈએ.રોજગારી બંધ થવાને કારણે જે સમસ્યા ઉભી થઈ છે એમાં રાહત મળશે.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

# પ્રકૃતિ સાથે એકાકાર થવાનો અવસર છે આજથી શરૂ થતો પવિત્ર શ્રાવણ માસ : ગાયત્રી પરિવાર

મોટી ઈસરોલ, તા.૨૦

ભારતીય સંસ્કૃતિમાં અનેક પર્વ તહેવાર હોય છે તેમાંય શ્રાવણનો મહિમા અલગ જ છે. મોડાસા ગાયત્રી પરિવારના અગ્રણી હરેશભાઈ કંસારાએ જણાવ્યું કે સમગ્ર વર્ષ દરમિયાન પ્રકૃતિ સાથે એકાકાર થવાનો અવસર છે શ્રાવણ માસ. આ સમય દરમ્યાન ધરતીમાતા પણ હરિયાળી સાડી પહેરી સજ્જ થઈને જીવ માત્રને ઉમંગથી ભરી દે છે. વર્ષાઋતુ હોવાથી આકાશમાંથી જલ અભિષેક થવાથી જીવ માત્રને માટે પેટ ભરવા પ્રકૃતિ સાથે એકાકાર થઈ ભૂમિ પર અન્ન ઉપાર્જન માટે આ અનમોલ અવસર છે.પ્રકૃતિને સંતુલન રાખનારા ભગવાન શિવની પૂજા ઉપાસના નો આ પવિત્ર મહિનામાં ખૂબજ મહત્વ છે. શીવ એટલે પરોપકાર-કલ્યાણ. આ પવિત્ર દિવસોમાં ભક્તો સતત શીવ પૂજા- ઉપાસના, બીલી અર્પણ ,ઉપવાસમાં રચ્યા પચ્યા રહી દાન પૂન્ય કરી સ્વયંના જીવનમાં સૌના કલ્યાણની ભાવ સંવેદના જાગૃતિ લાવવા શ્રાવણ ખૂબજ મહત્વ સમજાવે છે. મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા મોડાસા તેમજ આસપાસના ગામોમાં સૌ ઉપાસકોને હાલની સ્વાસ્થ્યની વિકટ પરિસ્થિતિમાં પોતાના ઘેર આ પવિત્ર શ્રાવણ મહિનામાં શીવત્વને પોતાના જીવનમાં ધારણ કરવા સતત ઉપાસનામાં વ્યસ્ત રહી પરોપકાર ની ભાવનાથી જાહેર જનતા માટે પોતાનાથી બનતું યોગદાન આપી તથા વધુમાં વધુ વૃક્ષ ગંગા અભિયાનમાં વૃક્ષોની વૃદ્ધિતથા જતન કરતા રહી પ્રકૃતિને સહાયરૂપ થઈ શ્રાવણની ઉજવણી કરવા જણાવ્યું છે. સંભવતઃ સહાયરૂપ થઈ સૌના કલ્યાણની ભાવનાનો વિકાસ કરવો એજ આ શ્રાવણ માસમાં કલ્યાણકારી દેવાધિદેવ મહાદેવ શિવજીની સાચી ઉપાસના ગણાય. ગાયત્રી પરિવાર દ્વારા સતત યજ્ઞ આહુતિ આપવા માટે અવિરત સૌ કાર્ય કરી રહ્યા છે તે પણ જાણે અજાણે જીવ માત્રને માટે યજ્ઞમાં હોમાતી આહુતિમાંના જડીબુટ્ટી દ્વારા ઉત્પન્ન થતી સૂક્ષ્મ વાયુ ઉર્જા પણ જીવમાત્રને તથા પર્યાવરણ સંતુલન કરવામાં પ્રકૃતિ માટે પણ ખૂબજ પરોપકારી કલ્યાણની ભાવના છે. જેથી શ્રાવણ માસ દરમિયાન પણ દરરોજ ઘેર ઘેર સ્વયં યજ્ઞ અવિરત ચાલુ રાખવા સૌને જાણકારી આપવામાં આવી છે.

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની ઉચ્ચ શિક્ષા વર્ગની બે દિવસીય ઑનલાઈન બેઠક યોજાઈ

મોટી ઈસરોલ, ત.૨૦

×રાષ્ટ્ર કે હિત મે શિક્ષા , શિક્ષા કે હિત મે શિક્ષક અને શિક્ષક કે હિત મે સમાજ× સૂત્ર સાથે પૂર્વ પ્રાથમિક થી વિશ્વવિધ્યાલયના શિક્ષકો અને અધ્યાપકો માટે કાર્યરત અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ છમ્ઈજીસ ની ઉચ્ચ શિક્ષા વર્ગ કાર્યસમિતિની બે દિવસીય ઑનલાઈન વાર્ષિક બેઠક યોજાઈ. હેમ ઉત્તર ગુજરાત યુનિ શૈક્ષિક સંઘના મહામંત્રી પ્રો ડો જગદીશ પ્રજાપતિ (મોડાસા) એ ભાગ લીધો હતો. જેના સમાપન સત્રમાં ખાસ ઉપસ્થિત અખિલ ભારતીય પ્રમુખ પ્રો ડો જે પી સિન્ધલએ સૌ અધ્યાપકોને માર્ગદર્શન કરતા જણાવ્યું કે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ એ શિક્ષણ, શિક્ષકો અને રાષ્ટ્રના વ્યાપક હિતમાં સમાજ અને સરકાર વચ્ચે સેતુરૂપ બની નિરંતર કાર્ય કરતું સંગઠન છે. ચાર સત્રો માં થયેલ આ વાર્ષિક બેઠકના પ્રથમ સત્રમાં તેઓએ સમગ્ર દેશની યુનિવર્સીટીઓમાં થયેલ વિવિધ કર્યો અને કોરોનાની મહામારીમાં થયેલ ગતિવિધિ વિશે માહિતી આપી હતી. મહાસંઘના પદાધિકારીઓની યુજીસી અને માનવસંસાધન મંત્રી સાથેની બેઠકમાં ઉચ્ચ શિક્ષણના પ્રશ્નોની તેમજ હાલની સ્થિતિમાં યુનિની પરીક્ષા બાબતે થયેલ થયેલ ચર્ચાની વિસ્તૃત માહિતી આપી હતી. બીજા સત્રમાં સચિવ ડો મનોજ સિંહાએ મહાસંઘના વૈચારિક કાર્યોની રૂપરેખા આપી હતી અને રાષ્ટ્ર વિરોધીતત્વો સામે સતત જાગૃત રહેવા હાકલ કરી હતી. ઉપાધ્યક્ષ પ્રગ્નેશભાઈ શાહે સંગઠનની કાર્યયોજના રજૂ કરી હતી. સંયુક્તમંત્રી ડો નારાયણ લાલ ગુપ્તા સંચાલિત તૃતીય ચર્ચા સત્રમાં ઉચ્ચ શિક્ષણ અને અધ્યાપકોના પ્રશ્નો સન્દર્ભે ચિંતન થયુ અને શિક્ષક હિતો માટે વધુ સક્રિયતા થી કાર્યનો સંકલ્પ કર્યો. ચતુર્થ સત્રમાં સંગઠન મંત્રી મહેન્દ્રજી કપૂરે સંગઠનના નિયમિત કાર્યક્રમો, બેઠકો, સદસ્યતા અભિયાન, અભ્યાસ તથા પરિચય વર્ગ નું મહત્વ સમજાવ્યું અને સમાજ, શિક્ષક એવમ રાષ્ટ્રહિતમાં સક્રિય ભૂમિકા નિભાવવા આહવાન કર્યુ. મહામંત્રી શિવાનંદ સિન્દનકેરાએ કલ્યાણમંત્રથી સમાપન કરાવ્યું. બેઠકમાં અખિલ ભારતીય સહ સંગઠનમંત્રી ઓમપાલ સિંહ , ઉચ્ચ શિક્ષા પ્રભારી મહેન્દ્રકુમાર સહિત સહિત જુદા જુદા રાજ્યોના ૧૩૫ હોદ્દેદારો એ ભાગ લીધો હતો.

# ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખનો તાજ પાટીદારના બદલે બિનગુજરાતી મહારાષ્ટ્રીયન સી.આર.પાટીલના શિરે



ગાંધીનગર :

આજે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા દ્વારા ગુજરાત ભાજપ ના પ્રદેશ પ્રમુખ ની નિમણુંક કરવામાં આવી છે. નવસારી સાંસદ સી. આર. પાટીલ ને હાલ ગુજરાત ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ તરીકે નુ નેતૃત્વ સોપવામાં આવ્યુ છે, ગુજરાતની કમાન સાંસદ સી. આર. પાટીલ ને સોંપી દેવામાં આવી છે.

જીતુભાઇ વાઘાણીના સ્થાને ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખ તરીકે સી.આર.પાટીલ ની નિયુક્તિ. હાઈ કમાન્ડે અચાનક ફેરફાર કરી પાટીદાર ના બદલે બિનગુજરાતી મહારાષ્ટ્રીયનને આપ્યું પ્રમુખ પદ આપી દેવામાં આવ્યું છે.

# કેશોદ શહેરમાં કોરોના મહામારી માં એક વૃધ્ધનું સારવાર હેઠળ મોત નિપજ્યું

કેશોદ: (રાજુભાઈ પંડ્યા)

કેશોદ શહેર-તાલુકા માં કોરોના મહામારી ફેલાતાં આંકડો વધતો જાય છે ત્યારે આજે કોરોના પોઝીટીવ વૃધ્ધ સારવાર દરમ્યાન મોત નીપજતાં સમગ્ર પંથકમાં ભય નું વાતાવરણ ઉભું થયું છે. કેશોદ શહેરમાં અમૃતનગર વિસ્તારમાં પાણીના ટાંકા પાસે રહેતાં મોહનભાઈ કુરજીભાઈ બોઘરા ઉ.વ.૯૭ ને કોરોના નાં લક્ષણો જોવા મળતાં તા ૧૯/૭/૨૦૨૦ નાં રોજ સારવાર માટે જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં જ્યાં સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. જેઓને ડાયાબિટીસ અને કીડની ની બિમારી પણ હોવાનું જાણવા મળ્યું છે ત્યારે મેડિકલ રિપોર્ટ આવ્યા બાદ મોતનું કારણ જાણવા મળશે. કેશોદના મોહનભાઈ કુરજીભાઈ બોઘરા ની પૌત્રી રીમાબેન ગીરધરભાઈ




બોઘરા ઉ.વ.૨૧ નો કોરોના પોઝીટીવ રીપોર્ટ તા ૧૫/૭/૨૦૨૦ નાં રોજ આવ્યો હતો ત્યારે કેશોદ તંત્ર દ્વારા હોમ આઈસોલેટ કરવામાં આવેલ હતાં જેનાં કારણે સંક્રમણ થી દાદાને ચેપ લાગ્યો હોય એવું માનવામાં આવી રહ્યું છે. કોવીડ-૧૯ ની મહામારી માં શરૂઆતમાં કોરોના પોઝીટીવ કેસ નોંધાતાં વધુ સારવાર માટે જુનાગઢ ખસેડવામાં આવતાં હતાં અને બસો ચોરસ મીટર વિસ્તારમાં કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવતો હતો ત્યારે હાલમાં હોમ આઈસોલેટ કરવામાં આવે છે અને એકાદ ઘરને કન્ટેઈનમેન્ટ જાહેર કરી લોકોને ઈશ્વર નાં ભરોસે છોડી દેવામાં આવી રહ્યાં છે. કેશોદ શહેરમાં તંત્ર દ્વારા આઈસોલેટ વોર્ડ બનાવવામાં આવેલ છે ત્યારે કોરોના પોઝીટીવ રીપોર્ટ આવેલા વ્યક્તીઓ ને ત્યાં સારવાર અર્થે ખસેડવામાં આવતાં નથી. કેશોદ શહેર-તાલુકા માં કોરોના પોઝીટીવ કેસ ૩૮ નોંધાયાં છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા ગંભીરતાપૂર્વક કામગીરી હાથ ધરવામાં આવતી નથી જેના પગલે કોરોના મહામારી કાબુમાં આવવાને બદલે મૃત્યુ તરફ આગળ વધી ગઈ છે ત્યારે કેશોદ શહેર-તાલુકા માં વસતાં લોકોએ પોતે જાગૃત બની સાવચેત રહેવા સીવાય કોઈ વિકલ્પ નથી.

# દાંતીવાડા તાલુકાના ઝાત ગામે મહિલાઓ સાથે પ્રથમ રાખી સૈનિકો કે નામ કાર્યક્રમ યોજાયો



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

ભારત દેશની રક્ષા કરતા સરહદ પર રાતદિવસ માભોમ કાજે સતત ખડેપગે ટાઢ,તડકો અને વરસાદ વેઠી દેશના સીમાડાની રક્ષા કરતા હોય પોતાના માટે દેશભૂમિ ભારત માતા પર, અમને સૌને અભિમાન છે પાવન છે આ ધરતી, દર્શન અહી મહાન છે બહાદુર સૈનિકોની નગરી, તેથી ભારત દેશ મહાન છે.દિવાળી, હોળી અને નવરાત્રિ દેશ જવાનો સરહદ પર રક્ષા કરીને ઉજવાય છે ઈદ, ક્રિસમસ કે હોય પતેતી ઉત્સવ તહેવારોના દેશ સૈનિકો સરહદ પર મનાવતા હોય છે સૈન્યના જવાનોને રાખડી સાથે પત્ર મોકલવામાં આવ્યા હતા

વામી વિવેકાનંદ યુવા ગુજરાત બોર્ડ × દ્વારા દાંતીવાડા તાલુકાના દરેક ગામ માં **पहली राखी, देश प्रेम की** પ્રોગ્રામ અંતર્ગત તાલુકા ના દરેક ગામ માંથી એક રાખડી લેવા માં આવી . આ પ્રસંગે દાંતીવાડા તાલુકા પ્રમુખ શ્રી ગણપતભાઈ રાજગોર અને સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ ના સંયોજક વિપુલભાઈ નાઈ , બળવત ભાઈ જમણેચા ઝાત ગામ ની બહેનો દ્વારા ઝાત ગામમાં કાર્યક્રમ કરવામાં આવ્યો દાંતીવાડા તાલુકાના અલગ અલગ ગામ માં કાર્યક્રમ કરવામાં આવ્યો હતો

# બેંક ઓફ બરોડાના સ્થાપના દિને અરવલ્લી ના કોરોના વોરીયર્સનું સન્માન કરાયું



મોટી ઈસરોલ, તા.૨૦

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો વ્યાપ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વધુ જોવા મળી રહ્યો છે જેને લઈ કોરોનાનો આંક ૨૭૦ને પાર પંહોચી ગયો છે. જેથી કોરોનાનું સંક્રમણને અટકાવવા આરોગ્ય, પોલીસ અને સફાઇ કર્મચારીઓ ફ્ન્ટ્ર લાઇન વોરીયર્સ તરીકે કામ કરી રહ્યા છે ત્યારે બેંક ઓફ બરોડા દ્વારા સન્માન કરી તેમની સેવાને બિરદાવી હતી.

અરવલ્લી જિલ્લામાં લીડ બેંક તરીકે કાર્યરત બેંક ઓફ બરોડાના ૧૧૩ સ્થાપના દિને કોરોનાના કાર્યકાળમાં અહર્નિશ સેવા બજાવતા આરોગ્ય, પોલીસ અને સફાઇકર્મીઓને મેનેજીંગ ડિરેકટર શ્રી સંજીવ ચડ્ડાએ સન્માનિત કરવાની પ્રેરણાદાયી પહેલ કરી છે જેમાં અરવલ્લી જિલ્લામાં કોરોના સંક્રમણને રોકવા સતત ખડેપગે રહેતા આરોગ્ય કર્મીઓમાં સંચારી રોગ અટકાયત અધિકારી શ્રી પ્રવિણ ડામોર, મોડાસા તાલુકા આરોગ્ય અધિકારી શ્રીમતી જીજ્ઞા જયસ્વાલ, પોલીસકર્મીમાં મેઘરજના પી.આઇ શ્રી જયેશ ભરવાડ, બેંકિંગક્ષેત્રે શ્રી બિમલરાજસિંહ તેમજ મોડાસા નગરપાલિકાના સફાઇકર્મી શ્રી ભરત રાઠોડનું જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબદક, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ. અનિલ ધામેલીયાના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું આ સમયે બેંક ઓફ બરોડાના રીજીયોનલ મેનેજર શ્રી રાજકુમાર મહાવર, લીડ બેંક મેનેજર શ્રી હરેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# માણાવદર તાલુકા હેલ્થ કચેરીના આરોગ્ય કર્મચારીઓ દ્વારા કોરોના પોઝિટિવ દર્દીઓનુ મેડિકલ ચેક અપ



માણાવદર તાલુકા હેલ્થ કચેરીના આરોગ્ય કર્મચારીઓ દ્વારા તાલુકા ના કોરોના પોઝિટિવ દર્દીઓની ધરે મુલાકાત લઈને તેમને હોમ આઇસોલેશન કરવામાં આવ્યા અને તેમનું દરરોજ મેડિકલ ચેક અપ કરવામાં આવે છે.

માણાવદર તાલુકા બ્લોક હેલ્થ ઓફીસર ડો. શિલ્પાબેન જાવિયા ના માર્ગદર્શન નીચે તાલુકામાં આવેલ કોરોના પોઝિટિવ દર્દીઓ કે જેમને હોમ આઇસોલેશન કરવામાં આવ્યા હોય છે તેમના ધરે જઇને દરરોજ સવાર તથા સાંજ ની બે વિઝીટ માણાવદર તાલુકા ના ઇ.મ.જી.દ્ધ. મેડિકલ ઓફીસર ડો. જતિન કાનપરીયા તથા આરોગ્ય કર્મચારી શ્યામ અદોદરીયા દ્વારા તેમનું દરરોજ મેડિકલ ચેક અપ કરવામાં આવે છે .અહેવાલ - જીગ્નેશ પટેલ



**આજરોજ પહેલી રાખી દેશ પ્રેમ કી × કાર્યક્રમ અંતર્ગત સરડોઈ ગામ ના રોજ સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવક બોર્ડ દ્વારા × પહેલી રાખી દેશ પ્રેમ કી × કાર્યક્રમ અંતર્ગત સરડોઈ ગામ માં રક્ષાબંધન કાર્યક્રમ યોજાયો. સરડોઈ ગામ ની બહેનો એ ભારત મા ની રક્ષા માટે સરહદ પર તૈનાત ભારતીય સૈનિકો ને રાખડી મોકલી.આ કાર્યક્રમ માં ભાજપા તાલુકા ઉપપ્રમુખ ચિરાગ ગોસ્વામી, કારોબારી સભ્ય ભાવનાબેન નટુભાઈ વણકર, ભાજપ યુવાનેતા યશપાલસિંહ પુવાર, મોડાસા તાલુકા સંયોજક અજયભાઈ ચૌધરી તથા સરડોઈ ગામ ની મહિલાઓ હાજર રહ્યા હતા.**

# SIP સાયન્સ કોલેજ અને ફાર્મસી કોલેજ મોડાસા "શોધ": ફાર્મસી અને ફાર્માસ્યુટિકલ્સમાં કારકીર્દી અને સ્ટાર્ટઅપ્સ નેશનલ લેવલનો ઓનલાઈન વેબિનાર યોજાયો

મોટી ઈસરોલ, ત.૨૦

મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત સર પી ટી સાયન્સ કોલેજ મોડાસાના એસ. એસ. આઈ. પી. ઈક્યુબેશન સેન્ટર, બી. એમ. ડીગ્રી ફાર્મસી કોલેજ મોડાસા ,ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજરાત સરકાર, જીટીયુ અમદાવાદ, જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અરવલ્લી, એસેન્સટેક અને ટેકચર્ચા અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ત્રણ દિવસનો "શોધ": ફાર્મસી અને ફાર્માસ્યુટિકલ્સમાં કારકીર્દી અને સ્ટાર્ટઅપ્સ વિષય પર નેશનલ લેવલનો વેબિનાર યોજાયો હતો. કોરાના મહામારી સમયમાં ઘેર બેસી આખા દેશમાંથી વિદ્યાર્થીઓ, નિષ્ણાંતો, અધ્યાપકોએ, ફાર્મસી એજ્યુકેશન અને સંશોધન માં કૌશલ્ય વિકાસથી નાવીન્ય સભર સ્ટાર્ટઅપ, ફાર્માપ્રેનિયોર થી આત્મનિર્ભર ભારતની શૈક્ષણિક ચર્ચા કરી હતી

માનનીય પ્રો.ડો.નવીન શેઠ, વાઈસ ચાન્સલેર, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી અમદાવાદ ફાર્મસી એજ્યુકેશનમાં ઉદ્યોગસાહસિક્તાના નવતર પ્રોજેક્ટ્સ માટે SSIP અને સરકારશ્રીના પ્રોત્સાહનો વિશે માહિતી આપી હતી.પ્રો .ડો.શ્રીરાજ શાહ પ્રિન્સીપાલ એલ જે ફાર્મસી ઈન્સ્ટીટ્યુટ અમદાવાદ પ્રવર્તમાન ફાર્મસી એજ્યુકેશના બદલાતા પ્રવાહો અને માંગ વિશે ચર્ચા કરી હતી.


અતિથી વિષેશ મહાનુભાવો કેળવણી મંડળનાં પ્રમુખ શ્રી નવીનચંદ્ર મોદી અને સેક્રેટરી શ્રી સુરેન્દ્ર ભાઈ શાહે કોવિડ મહામારીમાં પણ કેમ્પસમાં થતા શૈક્ષણિક સંવાદો માટે વિદ્યાર્થી અને અધ્યાપકોને બિરદાવ્યા હતાં. ગુજરાત અને દેશમાંથી સેવા પૂરી પાડનાર નિષ્ણાંતોનો આભાર વ્યક્ત કર્યો હતો. ડો સંજય ચૌહાણ જીટીયુ , એ ફાર્મસીમાં ઈનોવેશન અને ઉદ્યોગસાહસિક્તા વિશે રસપ્રદ માહિતી આપી હતી નિષ્ણાંત ડો મૌલિક મહેતા પ્રિન્સીપાલ, બી એમ ફાર્મસી ડીગ્રી કોલેજ મોડાસાએ ફાર્માસ્યુટિકલ રીસર્ચમાં સ્ટાર્ટઅપ્સ અને ડો આશુતોષ જાની ,જનરલ મેનેજર, લામ્બડા થેરેપીટીક રીસર્ચએ ક્લીનીકલ ટ્રાયલ મેનેજમેન્ટમાં તકો અને નવતર માંગ પર સત્રો લીધાં હતાં. ડો નરોતમ સાહૂ મેમ્બર સેક્રેટરી અને એડવાઈઝર ગુજકોસ્ટએ વિધાર્થીઓને વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરી આત્મનિર્ભર ભારત માટે વેબિનાર આયોજન ને શુભેચ્છા પાઠવી હતી અને ગુજકોસ્ટ તમામ સ્તરે ઈનોવેટર્સને મદદ કરશે તેવી ખાતરી આપી હતી સમગ્ર દેશમાંથી વિદ્યાર્થી અધ્યાપકો, ઈનોવેટર્સ આ વેબિનારમાં સીધા ઓન લાઈન જોડાયા હતાં, અને યુ ટ્યુબ પરથી જીવંત પ્રસારણનો લાભ લીધો હતો.

ડૉ કે પી પટેલ, પ્રિન્સીપાલ સર પી ટી સાયન્સ કોલેજ વેબિનારમાં ભાગલેનાર વિદ્યાર્થીઓ અધ્યાપકો ઈનોવેટર્સ તથા મહાનુભાવોને આવકારી વેબિનારનો ઉદ્?શ્ય સ્પષ્ટ કર્યો હઓ . કો ઓર્ડીનેટર ડો સંજય વેદિયા અને પ્રા ગિરીશ વેકરિયા કન્વીનરે જણાવ્યું હતુ કે વેબિનારના માધ્યમથી અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓના નવતર ફાર્મસી પ્રોજેક્ટસ વિષયે તજજ્ઞોનું માર્ગદર્શન શક્ય બને છે. સાયન્સ કોલેજની ટીમ,ફાર્મસી કોલેજની ટીમ, ગુજકોસ્ટ ટીમ, પ્રો ડો તુષાર પંડ્યા, સેન્ટ ઝેવિયર કોલેજ,શ્રીહર્ષલ સંઘવી, પ્રો ચિંતન પંચાસરા એસેન્સટેક, વિસ્વાલ દરજી, માર્ગિક બક્ષી ટેકચર્ચા ,ડો. વિરલ પરમાર વ્યાપાર જગત કોર ટીમે જહેમત ઉઠાવેલ હતી કેળવણી મંડળના પ્રમુખ શ્રી નવીનચંદ્ર મોદી સેક્રેટરી સુરેન્દ્રભાઈ શાહ કૌશલ્ય,ઈનાવેશન થી 'આત્મનિર્ભર ભારત' નિર્માણના માનનીય વડાપ્રધાનશ્રીના સ્વપ્નને સાકાર કરવા "શોધ" ફાર્મસી અને ફાર્માસ્યુટિકલ્સમાં કારકીર્દી અને સ્ટાર્ટઅપ્સ પર રાષ્ટ્રીયકક્ષાના વેબિનારના સફળ આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતાં

# દીપડાના હુમલામાં મૃત્યું પામેલા આમલી મેનપુરના કિશોરના પરિજનો ને રૂ.૪ લાખની સહાય

અભેસિંહ રાવલ દાહોદ

ધાનપુર તાલુકામાં દીપડા દ્વારા થયેલા હિંસક હુમલામાં મૃત્યુ પામનારા કિશોરના પરિવારજનોને રાજ્ય સરકાર દ્વારા રૂ. ચાર લાખની આર્થિક સહાય કરવામાં આવી છે. રાજ્ય મંત્રી શ્રી બચુભાઇ ખાબડ અને નાયબ વન સંરક્ષક શ્રી આર. એમ. પરમારના હસ્તે સહાયની રકમનો ચેક મૃતકના પરિજનોને આપવામાં આવ્યો હતો.



તાજેતરમાં દીપડા દ્વારા ધાનપુર તાલુકાના કેટલાક ગામોમાં ઉત્પાત મચાવવામાં આવ્યો હતો. તે દરમિયાન આ દીપડો આમલી મેનપુર ગામમાં આવી ચઢ્યો હતો અને ૧૧ વર્ષીય રૈલેશ દીતાભાઇ પલાસ ઉપર હુમલો કર્યો હતો. જેમાં રૈલેશ ગંભીર રીતે ઘાયલ થતાં સારવાર માટે વડોદરા ખસેડવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન તા. ૧૬ના રોજ રૈલેશનું મૃત્યુ થયું હતું. આ દુ:ખદ ઘટનાની જાણ થતાની સાથે જ વન વિભાગ દેવગઢ બારિયા વન વિભાગ દ્વારા દિપડા દ્વારા હુમલામાં માનવ મૃત્યુની સહાય આપવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને ત્રણ દિવસમાં આ સહાય મંજૂર કરી દેવામાં આવી હતી.

ગત રવિવારે રાજ્ય મંત્રી શ્રી બચુભાઇ ખાબડ અને નાયબ વન સંરક્ષક શ્રી આર. એમ. પરમાર આમલી મેનપુર ગામમાં પહોંચ્યા હતા અને મૃતકના પરિજનોને સાંત્વના આપી હતી. બાદમાં રૈલેશના પિતા શ્રી દીતાભાઇ નેવલા પલાસને સહાયનો ચેક આપ્યો હતો.

અત્રે એ પણ નોંધવું જરૂરી છે કે, માનવ પર હુમલા કરનારા આ દીપડાને વન વિભાગ દ્વારા પકડી પાડવામાં આવ્યો છે. વન વિભાગ દ્વારા પણ જંગલ આસપાસની વસ્તી ધરાવતા ગામોના લોકોને હિંસક વન્ય પ્રાણીઓથી બચવા માટે સતત જાગૃત કરવામાં આવે છે. સ્ટાફ દ્વારા ગ્રામજનો સાથે રહી નાઇટ પેટ્રોલીંગ પણ કરવામાં આવે છે.

## મારો શુ વાંક મમ્મી તું ક્યાં છે !

# મોડાસાના સર્વોદયનગર વિસ્તારમાં ઘરની સીડી પાસે ત્યજી દીધેલ નવજાત શિશુ મળતા સ્થાનિકોમાં જનેતા સામે ઉગ્ર રોષ

અરવલ્લી બ્યુરો

થોડા સમય પહેલા આ સ્વાર્થી દુનિયામાં માતાના કુખે જન્મ લેનાર હાલ મોડાસાની ખાનગી હોસ્પિટલમાં અંત્યત નાજુક હાલતમાં સારવાર હેઠળ નવજાત શિશુને દુનિયામાં જન્મ લેતા પહેલા ખબર પણ નહિ હોય કે તે આ પ્રકારની માતાની મમતાના પ્રેમ ના બદલે અજાણ્યા વિસ્તારનાં રહેણાંક મકાનની સીડી નીચે રહેલા તગારામાં તરછોડી દેવાશે અને ૧૦૮ એમ્બ્યુલન્સની રફતાર થકી હિંમતનગર સિવિલ હોસ્પિટલ માં સારવાર માટે પહોંચશે જ્યાંથી તેનું આગળ નું ભવિષ્ય હવે લોકો નક્કી કરશે.મોડાસાના સર્વોદય નગર વિસ્તારમાં રોડ નજીક આવેલા મકાનમાં નવજાત શિશુને ત્યજી દેનાર માતા સામે લોકોએ ફિટકાર વરસાવ્યો હતો

મહિલાઓ માતૃત્વ ધારણ કરે ત્યારે સૌથી વધુ ખુશી થતી હોય છે

મહિલાને સૌથી વધુ ખુશી એની જિંદગીમાં જયારે માતૃત્વ ધારણ કરે છે ત્યારે મળતી હોય છે. સામાન્ય રીતે તો તેની માતાને તેનું સંતાન ખુબ વ્હાલું હોય છે એ પછી માનવ વસ્તીમાં હોય કે જીવ પ્રજાતિની દુનિયામાં જ્યાં બાળકને નાનકડા દર્દને પણ માતા સાંખી શકતી નથી પરંતુ એક એવી માતા પણ આ દુનિયામાં વસે છે જે તેના બાળકને જન્મ આપી સમાજના ડરે ત્યજી દેતી હોય છે અને આખરે માનવતા આવી માતાઓ ઉપર ફિટકાર વરસાવી એક દિવસના થોડા સમય રોષ વ્યક્ત કરતુ હોય



છે આખરે શું કારણ હશે કે ફૂલ જેવા નવજાત બાળકને માતા દ્વારા ત્યજી દેવાનું...? કોઈ અત્યાચારનો ભોગ બની હશે નવજાત શિશુની માતા કે પછી અનૈતિક સંબંધો જવાબદાર કે યુવાનીના રંગમાં ભાન ભૂલી હસી કે..કારમી મોંઘવારીમાં જીવનનિર્વાહ ચલાવવાની ચિંતા જેવી તરહ તરહ ની ચર્ચાઓ ના વમળો પેદા થયા હતા

શનિવારે રાત્રીના સુમારે મોડાસાના સર્વોદય નગર વિસ્તારમાં રોડ નજીક આવેલા રહેણાંક મકાનની સીડી નીચે તગારામાં બાળકને સુરક્ષિત રહે તે રીતે લાલ કપડામાં વીટાળી મૂકી દીધું હતું મોડી રાત્રે એક યુવતી લઘુશંકા માટે ઉભી થતા કાને બાળક ના રડવાનો અવાજ સંભળાતા યુવતીએ આજુબાજુ જોતા સીડી નીચે નવજાત શિશુ રડતું જોવા મળતા ગભરાઈ ગઈ હતી તાત્કાલિક પરિવારજનોને જાણ કરતા અને આજુબાજુના લોકોને જાણ થતા ટોળેટોળા ઉમટ્યા હતા ૧૦૮ ઈમરજન્સી ને જાણ કરતા ૧૦૮ મારફતે હોસ્પિટલ માં સારવાર અર્થે ખસેડવામાં આવ્યું હતું અને પોલીસ ને જાણ કરવામાં આવતા પોલીસતંત્ર દ્વારા નવજાત શિશુની જનેતાને શોધવા શોધખોળ હાથધરી કાયદેસરની કાર્યવાહીમાં જોતરાઈ હતી ૧૦૮ ઈમર્જન્સી ના કર્મચારીના જણાવ્યા અનુસાર ત્યજી દેવાયેલ શિશુ ની હાલત સ્થિર હોવાનું જણાવ્યું હતું

મોડાસા ટાઉન પોલીસે હાલ તો આ મામલે તપાસ હાથ ધરી છે કે આ બાળક કોનું છે? ક્યાંથી તેને અહીં લાવવામાં આવ્યું છે? કઈ હોસ્પિટલમાં તેને જન્મ આપવામાં આવ્યો હતો. ક્યાં હાલતમાં બાળક ને તરછોડવો પડ્યો? આમ અનેક સવાલોના જવાબ મેળવવા પોલીસ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે.

# દાહોદના ડીડીઓશ્રી રચિત રાજ કોરોનાને પરાસ્ત કરી ફરી જનસેવાના કાર્યમાં લાગી ગયા

## ફરજ પર હાજર થતાંની સાથે જિલ્લાના તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ સાથે બેઠક



અભેસિંહ રાવલ દાહોદ

તાજેતરમાં કોરોના વાયરસના સંક્રમણમાં સપડાયેલા દાહોદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી રચિત રાજે હોમ આઇસોલેશનમાં રહી કોરોનાને મહાત કર્યો છે અને તે બાદ આજથી ફરી જનસેવાના કાર્યમાં જોડાયા છે. તેઓ આજે ફરજ પર હાજર થતાં જ જિલ્લા પંચાયત પરિસરમાં તેમનું કર્મયોગીઓ દ્વારા શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગત્ત તારીખ ૬ જુલાઇના રોજ જિલ્લા વિકાસ અધિકારી શ્રી રચિત રાજ કોરના વાયરસથી સંક્રમિત થયા હતા. તેમનો રિપોર્ટ પોઝેટિવ આવતાની સાથે શ્રી રાજ હોમ આઇસોલેશન થઇ ગયા હતા. જ્યાં તેમણે આરોગ્ય તંત્રની સલાહ પ્રમાણે દવાઓનું સેવન કર્યું હતું. આ ઉપરાંત, રોગ પ્રતિકારકશક્તિ વધે એવા ઉપાયો કર્યા હતા. સાથે, તેઓ તંદુરસ્તી જળવાઇ રહે એ માટે યોગ, પ્રાણાયામ અને હળવી કસરતો પણ કરતા રહ્યા હતા. જેથી શ્રી રાજ કોઇ પણ પ્રકારની શારીરિક તકલીફ વિના જ કોરોનાને પરાસ્ત કરી શક્યા હતા. આમ, તેઓ ખરા અર્થમાં કોરોના વોરિયર્સ બન્યા છે.

કોરોનાથી મુક્ત થતાંની સાથે જ તેઓ આજ સોમવારથી પોતાની ફરજ ઉપર જોડાઇ ગયા છે. તેઓ હાજર થતાં જ કર્મયોગીઓ દ્વારા કોરોના વોરિયર્સ તરીકે શ્રી રચિત રાજનું જિલ્લા પંચાયતમાં શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયતને પણ ફૂગ્ગાથી શણગારવામાં આવી હતી.

તેમણે હાજર થતાંની સાથે તાલુકા વિકાસ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. જેમાં ગ્રામકક્ષાએ કોરોના સંક્રમણને રોકવા માટે લેવાયેલા પગલા, મનરેગાના ચૂકવણા, મહેસુલી વસુલાત સહિતના મુદ્દાઓની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી બલાત, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી. એન. પી. પાટડિયા ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.